:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, (અંગ્રેજી માધ્યમ),વી. એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ, (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલી, સુરતના આચાર્યશ્રીએ તેમના તા.૦૨–૧૧–૨૦૨૩ના પત્ર ક્રમાકઃ૬૪૫/ ૨૦૨૩–૨૪ થી તેઓ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થીB.Sc. Data Science (Under the Computer Science & Information Technology)નો સ્નાતક કક્ષાનો સ્વનિર્ભરઅભ્યાસક્રમ શરૂ કરવા માટે ત્રણ નકલમાં જોડાણ અરજી કરેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ની જોડાણ અરજી સ્વીકારવાની અંતિમતા.૩૦/૦૯/૨૦૨૩ હતી, માનનીય કુલપતિશ્રીએ સિન્ડિકેટમાં જે નિર્ણય કરે તે શરતે હાલ સ્વીકારેલ હોય, સદર કોલેજ ની લેઈટ ફી લઈએ કે કેમ તે સંદર્ભે નિયમાનુસાર ફી લેવી પરંતુ લેઈટ ફી લેવી નહીં.**

૭૮. શૈક્ષણિક વર્ષઃ૨૦૨૩–૨૦૨૪ દરમ્યાન **અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરત**ની **M.Com. (Financial Mgt.Account) (Gujarati Medium)** અનુસ્નાતક સ્વનિર્ભર અભ્યાસક્રમનું ચાલુ જોડાણ સિન્ડિકેટની તા.૧૪–૦૪–૨૦૨૩ ની સભાનો ઠરાવ ક્રમાંક (૭૪) અન્વયે નીચેની શરતોનું પરિપાલન કરવાની શરતે મંજૂર કરેલ છે. કોલેજ દ્વારા તે શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૯–૧૧–૨૦૨૩ના પત્રક્રમાંક : **SGCC/6603/2023.** થી રજૂ કરેલ નીચે મુજબના અહેવાલને માન.કુલપતિશ્રીએ બી.યુ.ટી. વતી મંજુર કરી એકેડેમિકકાઉન્સિલમાં રજુ કરવા આદેશ કરેલ છે. જે અહેવાલની એકેડેમિકકાઉન્સિલની તા.૦૬–૧ ૨–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૫૯) અન્વયે નોંધ લેવામાં આવેલ છે. કોલેજ દ્વારા શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૯–૧૧–૨૦૨૩ના પત્રક્રમાંક : **SGCC/6603/2023.** થી રજૂ કરેલ અહેવાલ નીચે મુજબ છે, જેની જાણ સાથે વિચારણા કરવા બાબત....

<u>શરતોઃ</u>

ક્રમ	સિન્ડિકેટે મૂકેલ શરતની વિગત	પરિપાલન માટે લીધેલ પગલાંની વિગત	કાર્યાલય નોંધ
૧	આચાર્યની ભરતી કરવી.	કાયમી આચાર્યશ્રી તરીકે ડૉ. ફાલ્ગુની મિતેશ ઠક્કરની નિમણૂક કરવામાં આવી છે અને યુનિવર્સિટી દ્વારા મળેલ બહાલી પત્રની નકલ તથા સંસ્થા દ્વારા આપેલ નિમણૂંક પત્રની નકલ આ સાથે સામેલ છે.	**પરિપાલન થયેલ છે.**
૨.	યુનિવર્સિટી 69-Aઅને69-B નું ચુસ્ત પણે પાલન કરવું.	કોલેજ અને સંચાલક મંડળ દ્વારા યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૬૯–એ અને ૬૯–બી તથા સરકારશ્રીના લાગુ પડતા નિયમનું પરિપાલન કરવામાં આવે છે.	**પરિપાલન કરવામાં આવે છે.**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ:૨૦૨૩–૨૦૨૪ દરમ્યાન અંબાબા કોમર્સ કોલેજ, મણીબા ઈન્સ્ટીટયુટ ઓફ બિઝનસ મેનેજમેન્ટ એન્ડ દેવીબા ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન, સાબરગામ, સુરતની M.Com. (Financial Mgt.Account) (Gujarati Medium) અનુસ્નાતક સ્વનિર્ભરઅભ્યાસક્રમનું ચાલુ જોડાણ સિન્ડિકેટની તા.૧૪–૦૪–૨૦૨૩ ની સભાનો ઠરાવ ક્રમાંક (૭૪) અન્વયે ઉપરોકત શરતોનું પરિપાલન કરવાની શરતે મંજૂર કરેલ છે. કોલેજ દ્વારા તે શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૯–૧૧–૨૦૨૩ના પત્રક્રમાંક : SGCC/6603/2023. થી રજૂ કરેલ ઉપરોકત મુજબના અહેવાલને માન.કુલપતિશ્રીએ બી.યુ.ટી. વતી મંજુર કરી એકેડેમિક કાઉન્સિલમાં રજુ કરવા આદેશ કરેલ છે. જે અહેવાલની એકેડેમિક કાઉન્સિલની તા.૦૬–૧૨–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક (૫૯) અન્વયે નોંધ લેવામાં આવેલ છે. કોલેજ દ્વારા શરતોનું પરિપાલન કર્યાનો તા.૦૯–૧૧–૨૦૨૩ના પત્રક્રમાંક : SGCC/6603/2023. થી રજૂ કરેલ અહેવાલની નોંધ લેવામાં આવે છે.**

૭૯. કે. બી. એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ, વાપીના અધ્યાપક ડો. ક્રિષ્ના રાકેશ રાજપૂતને યુનિવર્સિટી કાર્યાલયના તા.૨૦–૮–૨૦૦૪ના પત્ર ક્રમાંક: એસ(૧)/૭૨૮૩/૨૦૦૪થી ૧૧ માસમાં સેટ/ નેટની પરીક્ષા પાસ કરવાની શરતે શરતી બહાલી આપેલ હતી. ૧૧ માસમાં શરતનું પરિપાલન થયેલ ન હોવાથી યુનિવર્સિટીના તા.૧૪/૦૬/૨૦૦૬ ના પત્ર ક્રમાંક: એસ(૧)/ ૫૭૫૫/ ૨૦૦૬ના થી નવેસરથી ૫ વર્ષનાં નેટ/સેટ પરીક્ષા પાસ કરવાની શરતે નવી નિમણૂંક આપવા આચાર્યશ્રી કે. બી. એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ, વાપીને જાણ કરેલ હતી જે મુજબનવી નિમણૂંકની કાર્યવાહી કરવામાં ન આવેલ હોવા સાથે ડૉ. ક્રિષ્ના રાકેશ રાજપૂતને યુનિ. દ્વારા તા.૨૦–૮–૨૦૦૪ના રોજ આપેલ માન્યતા કે જે તા.૧૪–૬–૨૦૦૬ના પત્ર મુજબ પૂર્ણ થયેલ હોય ત્યારબાદનું અધ્યાપનકાર્ય યુનિવર્સિટીની માન્યતાવિના આજપર્યત કરવામાં આવે છે. ડૉ. ક્રિષ્ના રાકેશ રાજપૂત દ્વારા તા.૦૬/૦૫/૨૦૦૮નાં રોજ પીએચ.ડી. પૂર્ણ કર્યાની જાણ કરવામાં આવતા તા.૧૪–૬–૨૦૦૬ના યુનિવર્સિટી પત્ર મુજબ પુનઃ નિયુકતી કરવામાં આવેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કોલેજ પાસે મેળવતા શ્રી કૌશિકહરિયા એજયુકેશનલ ફાઉન્ડેશન વતી તા.૧૫/૦૬/૨૦૨૩ ના પત્રથી કોલેજના આચાર્યશ્રીદ્વારાતત્કાલીન આચાર્ય દ્વારા નિમણૂંકની કાર્યવાહી કરેલ ન હોવાની જાણ કરેલ હોય જે બાબતની જાણ વિભાગની તા.૨૭/૦૭/ ૨૦૨૩ની નોંધ દ્વારા કરતા સદરહુ નોંધ પર મળેલ આદેશ મુજબ શ્રી કૌશિકહરિયા એજયુકેશન ફાઉન્ડેશનના પ્રમુખશ્રીને સ્પષ્ટતા મેળવવાની જાણ કરતા આજરોજ કે તે પહેલા તેઓ દ્વારા સ્પષ્ટતા ન કરવા સાથે કોલેજના આચાર્યશ્રી દ્વારા તેના તા.૧૪–૧૨–૨૦૨૩ના પત્ર ક્રમાંક: કેબીએસ/જોડાણ/ ૨૦૨૩–૨૪/ ૦૨૪૭થી સંસ્થા તરફથી હાલના તબકકે શું કાર્યવાહી કરવી જોઈએ તે માટે યોગ્ય માર્ગદર્શન આપવા વિનંતી કરેલ છે. સદરહુ વિનંતીની જાણ સાથે ડૉ. ક્રિષ્ના રાકેશ રાજપૂત કે જેઓ તા.૧૪–૬–૨૦૦૬ના પત્ર મુજબ યુનિવર્સિટીની માન્યતા વિના અધ્યાપન કાર્ય કોલેજમાં કરાવતા હોય તે ધ્યાને લઈ તેમની નિમણૂંક બાબતે શુ માર્ગદર્શન આપીએ? જે પર વિચારણા કરવા બાબત.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે સમિતિની રચના કરવી અને સમિતિમાં સભ્યોની નિમણુંક કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

૮૦. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રીનો તા.23/11/2023 નો પત્ર ક્રમાંક: Eco./De-merge/7971/2023 અનુસાર M.A.Political Science અભ્યાસક્રમ Public Administration વિષયને લગતો હોય, ઉપરાંત M.A.Political Science ની જવાબદારી Public Administration વિભાગને સોપવામાં આવેલ હતી જેમાં કો-ઓર્ડિનેટર તરીકે ડૉ.મધુ થવાનીની નિમણૂક કરવામાં આવેલ છે અને પાછલા 02 વર્ષથી તેઓ આ અભ્યાસક્રમનું સંચાલન કરે છે. હાલ સિન્ડિકેટના તા.03/10/2023 ની સભાના ઠરાવ ક્રમાંક: 53 અન્વયે કાર્યાલય આદેશ ક્રમાંક: જન/એસ્ટા/૨૮૬૬૮/૨૦૨૩, તા.૦૮/૧૧/૨૦૨૩ થી Department of Economics માં મર્જ કરેલ Department of Public Administration ને સ્વતંત્ર કરવામાં આવેલ છેપરંતુ M.A.Political Science ની જવાબદારી Department of Economicsહેઠળ રાખવામા આવેલ છે. જે ધ્યાને લઈ M.A.Political Scienceઅભ્યાસક્રમના સુચારું સંચાલન માટે આ અભ્યાસક્રમને Department of Economics માથી ખસેડી તેની જવાબદારી Department of Public Administration વિભાગને સોપવા અંગે વિચારણા કરવા બાબત.....

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રીનો તા.23/11/2023 નો પત્ર ક્રમાંક: Eco./De-merge/7971/2023 અનુસાર M.A.Political Science અભ્યાસક્રમ Public Administration વિષયને લગતો હોય, ઉપરાંત M.A.Political Scienceની જવાબદારી Public Administration વિભાગને સોપવામાં આવેલ હતી જેમાં કો-ઓર્ડિનેટર તરીકે ડૉ.મધુ થવાનીની નિમણૂક કરવામાં આવેલ છે અને પાછલા 02 વર્ષથી તેઓ આ અભ્યાસક્રમનું સંચાલન કરે છે. હાલ સિન્ડિકેટના તા.03/10/2023 ની સભાના ઠરાવ ક્રમાંક: 53 અન્વયે કાર્યાલય આદેશ ક્રમાંક: જન/એસ્ટા/૨૮૬૬૮/૨૦૨૩, તા.૦૮/૧૧/૨૦૨૩ થી Department of Economics માં મર્જ કરેલ Department of Public Administration ને સ્વતંત્ર કરવામાં આવેલ છેપરંતુ M.A.Political Science ની જવાબદારી Department of Economicsહેઠળ રાખવામા આવેલ છે. જે ધ્યાને લઈ M.A.Political Science અભ્યાસક્રમના સુચારું સંચાલન માટે આ અભ્યાસક્રમને Department of Economics માથી ખસેડી તેની જવાબદારી Department of Public Administration વિભાગને સોંપવી.**

૮૧. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડો. કે. સી.પોરીયાના તા.૧૨/૦૫/૨૦૨૨ ના પત્ર અને અન્ય મુદ્દાના સંદર્ભમાં તપાસ કરવા અંગે સિન્ડીકેટની તા.૧૨/૦૫/૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંક: ૧૦૯ અન્વયે નિયુકત સમિતિની સભા તા.૦૧/૧૨/૨૦૨૩ ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(નોધ: પ્રસ્તુત સમિતિની ભલામણ બંધ કવરમાં સભા સમયે રજૂ કરવામાં આવશે.)

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૨. યુનિવર્સિટીનાં ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.હિતેશકુમાર જે. લાડે UGC-CAS હેઠળ સ્ટેજ વાઇઝ(Stage-1 to Stage-2)નાં લાભ મેળવવા કરેલ અરજી અંતર્ગત તેઓને સદર લાભ આપવા સંદર્ભે સિન્ડીકેટની તા.૧૯/૦૫/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક ૨૨ અન્વયે નિયુક્તસમિતિની તા.૦૨/૦૧/ ૨૦૨૪નાં રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનીકેશન ટેકનોલોજી વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.હિતેશકુમાર જે. લાડે UGC-CAS હેઠળ સ્ટેજ વાઇઝ(Stage-1 to Stage-2)નાં લાભ મેળવવા કરેલ અરજી અંતર્ગત તેઓને સદર લાભ આપવા સંદર્ભે સિન્ડીકેટની તા.૧૯/૦૫/૨૦૨૩ ની સભાનાં ઠરાવ ક્રમાંક ૨૨ અન્વયે નિયુક્તસમિતિની તા.૦૨/૦૧/૨૦૨૪નાં રોજ મળેલ સભાની કાર્યવાહીનો સ્વીકાર કરી તદ્અનુસાર CAS ની આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૮૩. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી.જનકકુમાર આર. મહેતાનો તા.૧૫-૦૧-૨૦૨૪ની આ સાથે સામેલ અરજીમાં તેઓના પગારધોરણમાં રહેલી વિસંગતતા દૂર કરવા માટે નીચે જણાવ્યાનુસારની વિગતો ધ્યાને લેવા માટે નમ્ર વિનંતી કરેલ છે.

(૧) અત્રેની યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૨/૧૩-૦૬-૨૦૦૧નાં આદેશ ક્રમાંક: એસ્ટા/૩૯૦૮થી રૂ. 3050-70-4590 ના પગાર ધોરણ પર લેબોરેટરી આસિસ્ટન્ટ (એકાંકી જગ્યા) પર નિમણૂક કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમ 1998, નોટીફીકેશન No.(GN-2)PGR-1098-2-M, તા: 20-01-1998 ના Schedule-C મા રાજ્ય સરકાર ની દરેક કેડર (મહેકમ જગ્યા) પ્રમાણેનુ પગાર ધોરણ જાહેર કરેલુ છે. જેમાં ઉચ્ચ શિક્ષણ પેટા વિભાગ (પાના નં. 80) અને તેઓની કેડર નો ઉલ્લેખ મુજબ પાના ન.

85, અનુક્રમ નં. 63, લેબોરેટરી આસિસ્ટન્ટમા સુધારેલ પગાર ધોરણ રૂ.4500-7000 જાહેર કરેલ છે.

(૨) ગુજરાત રાજ્ય સેવા નાણા વિભાગના નોટીફીકેશન No: (GN-8)PGR-1009-2-Pay Cell (M), તા: 27-02-2009 થી ગુજરાત રાજ્ય સરકાર ના તમામ કર્મચારીઓને પોતાની કેડર (મહેકમ જગ્યા) મુજબ નવુ પગાર ધોરણ અમલમા આવ્યુ છે. નાણા વિભાગના નોટીફીકેશન ધ્યાને કરી વંચાણે લેતા સદર નોટીફીકેશનના Schedule-C મા રાજ્ય સરકારની દરેક કેડર (મહેકમ જગ્યા) પ્રમાણેનુ પગાર ધોરણ જાહેર કરેલુ છે. ઉચ્ચ શિક્ષણ પેટા વિભાગ અને તેઓને લાગુ પડતી કેડરનો ઉલ્લેખ મુજબ પાના નં. 60, અનુક્રમ ન. 62, PB-1, લેબોરેટરી આસિસ્ટન્ટમા સુધારેલ પગાર ધોરણ રૂ.4500-7000 ની સામે મળવા પાત્ર પગાર ધોરણ રૂ.5200-20200, Grad Pay Rs. 2800-00 (કોલમ-6)માં જાહેર કરેલ છે.

સદર પગાર ધોરણ નો લાભ તેઓને આજદીન સુધી શરૂઆતથી મળેલ નથી. એમ જણાવેલ છે.

વધુમાં, તેઓના જણાવ્યાનુસાર તેઓની નિમણૂક બાદ ગુજરાત રાજ્ય સરકારશ્રીના ધારાધોરણ મુજબ એટલે કે, પાચમા અને છઠ્ઠા પગાર ધોરણ (પંચ) મુજબ તેઓને મળવાપાત્ર કેડર પ્રમાણે ગુજરાત રાજ્ય સરકારશ્રીના ઉપરોક્ત પગારધોરણ પ્રમાણે તેઓને પગાર અને ગ્રેડ પે મળતો નથી તથા આજદીન સુધી એક પણ ઉચ્ચતર પગારધોરણનો લાભ મળ્યો નથી.

વધુમાં, તેઓના વિભાગીય વડાશ્રી દ્વારા શ્રી.જનકકુમાર આર. મહેતાની અરજીને સિન્ડિકેટ સભા સમકક્ષ રજૂ કરવા ભલામણ કરેલ છે.

વધુમાં, શ્રી.જનકકુમાર આર. મહેતાની તા.૦૭-૦૭-૨૦૨૩ની પગારધોરણમાં રહેલી વિસંગતતા દૂર કરવા માટેની અરજી અન્વયે આદેશાનુસાર સરકારશ્રીનું માર્ગદર્શન માંગવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત તમામ હકીકત અવલોકનમાં લઇ શ્રી.જનકકુમાર આર. મહેતાની અરજી/ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે સમિતિની રચના કરવી અને સમિતિમાં સભ્યોની નિમણુંક કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે અને સમિતિનો અહેવાલ આવ્યેથી બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં રજૂ કરવો.**

૮૪. યુનિવર્સિટીના વહીવટી કર્મચારી મંડળના પ્રમુખનો તા. ૧૩-૧૦-૨૦૨૩ના પત્ર ક્રમાંક: વહીવટી કર્મચારી મંડળ/૩૦/૨૦૨૩ના પત્રમાં જણાવ્યાનુસાર, યુનિવર્સિટીના નિવૃત થયેલ અને થનાર કાયમી વહીવટી કર્મચારીઓની ખાલી પડેલ જગ્યા પર નિયમાનુસાર પ્રમોશન (બઢતી) આપવા માટે સિન્ડિકેટની સભા તા. ૦૩/૧૦/૨૦૨૩ ના રોજ ઠરાવ ક્રમાંક ૧૪૨ માં કરવામાં આવેલ છે. જે તેઓની જાણકારી મુજબ જી.સી.એસ.આર. ના બઢતી (પ્રમોશન) ના નિયમો મુજબ જણાતું ન હોય, જેથી સદર ઠરાવ અન્વયે વિચારણા કરી સત્વરે આ ઠરાવ રદ કરવા વિનંતી કરેલ છે તથા ઘણા સમય થી ખાલી જગ્યાઓ પર પ્રમોશન આપવામાં આવેલ નથી, સદર ખાલી પડેલ જગ્યાઓ અને ઓકટોબર-૨૦૨૩ માં ખાલી પડનાર જગ્યાઓ પર બઢતી (પ્રમોશન) આપવા કરેલ વિનંતી અન્વયે વહીવટી કર્મચારી મંડળના પ્રમુખના પત્ર અંતર્ગત તા.૦૩-૧૦-૨૦૨૩ની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંક:૧૪૨ પર પુનઃ વિચારણા કરવા અંગેની બાબત તા.૦૭-૧૧-૨૦૨૩ની સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરતા ઠરાવ ક્રમાંક:૧૦૬ થી નીચે મુજબ ઠરાવેલ છે:

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે નીચે મુજબની સમિતિ બનાવવી.**

(૧) ડૉ.જયંતીભાઈ ચૌધરી (૨) ડૉ.પારૂલબેન વડગામા(૩) ડૉ.કેતનભાઈ દેસાઈ

વધુમાં, સિન્ડિકેટની તા.૦૭-૧૧-૨૦૨૩ની સામાન્ય સભામાં તા.૦૩-૧૦-૨૦૨૩ની સિન્ડિકેટ સભાના ઠરાવ ક્રમાંક:૧૪૨ અન્વયે સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપતી વખતે બાબત ક્રમાંક:૦૧થી નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કોઈપણ વહીવટી અધિકારી અને કર્મચારીના પ્રમોશન અને કન્ફર્મેશન માટે કર્મચારીની યોગ્યતા અને કાર્યક્ષમતા નક્કી કરવા માટે સમિતિ બનાવવી અને સમિતિના રીપોર્ટને આધારે પ્રમોશન તેમજ કન્ફર્મેશન આપવા.**

વધુમાં, ગુજરાત પબ્લીક યુનિવર્સિટી એક્ટ, ૨૦૨૩ના પ્રકરણ: ૧૩, અધિનિયમ ૫૧માં નીચે જણાવ્યા મુજબ છે:

:: **Save as otherwise provided by or under this Act, every person holding office either as an officer or the employee, whether teaching or other employee, ofany university on the date immediately before the commencement of this Actshall continue to hold office on the same terms and conditions as wereapplicable to him immediately before such date, and shall exercise suchpowers and perform such duties as are conferred on them by or under this Act.**

ગુજરાતપબ્લીક યુનિવર્સિટી એક્ટ,૨૦૨૩ના પ્રકરણ: ૧૩, અધિનિયમ ૫૧ માં કરેલ જોગવાઈ અન્વયે ઉપરોક્ત કરવામાં આવેલ ઠરાવ અન્વયે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૫. યુનિવર્સિટીનાં ઓડિટર અંગે મળેલ રજૂઆત બાબતે નિયુક્ત સમિતિની સભા તા.૨૧-૧૨-૨૦૨૩ના રોજ મળેલ હતી. સદર સમિતિ દ્વારા અહેવાલ (બંધ કવરમાં) રજૂ કરેલ છે. જેનાં પર વિચારણા કરવા બાબત.

નોંધ: અહેવાલસભાસમયેરજૂકરવામાંઆવશે.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૬. યુનિવર્સિટીના લીગલ સેલનો તા.૦૧/૧૧/૨૦૨૩નો પત્રાંકઃલીગલ સેલ/૨૮૮૭/૨૦૨૩ અંતર્ગત અત્રેના વિભાગનો તા.૨૭/૧૦/૨૦૨૩ ના પત્રાંકઃજન/માહિતી/૨૭૮૮૮/૨૦૨૩ અન્વયે યુનિવર્સિટીના લોકપ્રશાશન વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. નિલષ જોષીની ફરજ દરમ્યાન જમા થયેલ હકક રજાનું રોકડમાં રૂપાંતર કરી તેની ચુકવણી માટે લીગલ સેલ પાસે માંગેલ અભિપ્રાય માંગવામાં આવ્યો હતો જે સંદર્ભે યુનિવર્સિટીના એડવોકેટશ્રી દિપક શુકલાએ આપેલ અભિપ્રાય નીચે મુજબ છે.

> **Thus, according to my opinion Dr. Nilesh Joshi (Under Suspension) is not enitled for encashment of unavailed privilege leave as he is under suspension and as per Rule No.40.2 he is still held not guilty of the charges levelled against him as well as the suspension has not been held to be unjust.**

આથી, ડૉ. નિલષ જોષીની ફરજ દરમ્યાન જમા થયેલ હકક રજાનું રોકડમાં રૂપાંતર કરી તેની ચુકવણી કરવા અંતર્ગત એડવોકેટશ્રી દિપક શુકલાએ આપેલ ઉપરોકત મંતવ્ય પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૭. યુનિવર્સિટીના અર્થશાસ્ત્રવિભાગના પ્રોફેસર એન્ડ હેડ તરીકે ફરજ બજાવતા ડો. ગૌરાંગ ડી. રામીના તા.૦૭/૧૦/૨૦૨૩ના પત્ર અન્વયે યુનિવર્સિટીના પ્રાધ્યાપકો કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કામગીરી માટે જતા હોય છે. તેઓને મળતી રજાઓ અંગે એસ.ઓ.પી તૈયાર કરવા નિયુક્ત સમિતિની સભાના તા. ૧૮/૧૨/૨૦૨૩ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા અંગે તથા સદર કાર્યવાહીમાં થયેલ ભલામણ અંગે સત્વરે સરકારશ્રી અને નોલેજ કર્ન્ટસોસીયમ ઓફ ગુજરાત (KCG) ને આ અંગે રજાના નિયમો કે જેઓ કોમન એકટ હેઠળ બનાવવામાં આવી રહ્યા છે તેઓને આ ભલામણ અંગે યોગ્ય રજૂઆત કરવા ડા. કે.સી.પોરીયાના તા. ૨૬/૧૨/૨૦૨૩ના પત્રાંકઃભૌતિક/૮૭૪૯/૨૦૨૩ અન્વયે કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૮. અન્ય યુનિવર્સિટિના વિધ્યાર્થીઓને પ્રવેશ બાબતે નીચે મુજબ ઠરાવો થયેલ છે, જે અંગે વિચારણા કરવા બાબત.

<u>એકેડમિક કાઉન્સીલ ની તા. 07/12/2021 ની સભાની ભલામણ ક્રમાંક : 33</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, અન્ય યુનિવર્સિટિમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિમાં સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિધ્યાર્થીઓ નિયત કરેલ અરજી સાથે ફી ભરી સંબધિત પ્રોગ્રામમાં પ્રવેશ નીચે મુજબના નિયમોથી મેળવી શકશે.

1. વિધ્યાર્થી જે તે યુનિવર્સિટિમાં આપેલ જે તે સેમેસ્ટરની પરીક્ષા પછીના ક્રમના સેમેસ્ટરમાં પ્રવેશ અરજી કરી શકશે.આ માટે રિજલ્ટ આવ્યા પહેલા અરજી કરી શકાશે .
2. વિધ્યાર્થીનું જે તે યુનિવર્સિટિનું માઇગ્રેસન સર્ટિફિકેટ ન હોય તો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિ દ્વારા આપવામાં આવેલ નમૂના અનુસાર એફિડેવિટ કરી અરજી કરવાની રહેશે.
3. જે યુનિવર્સિટિમાંથી વિધ્યાર્થી આવતો હોય તે યુનિવર્સિટિના પરિણામમાં નાપાસ થાય તો પાસ થયેલ વિષયોની ક્રેડિટ ટ્રાન્સફર કરવાની થાય તથા નાપાસ થયેલ વિષયોને સમકક્ષ અથવા અત્રેની યુનિવર્સિટિ દ્વારા ઓફર કરવામાં આવતા વિષયો સમકક્ષ ન હોય તો પણ ક્રે)ડિટ સમાન હોય તેવા.ની પરીક્ષા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિમાંથી આપવાની રહેશે (
4. અન્ય યુનિવર્સિટિમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટિ ખાતે પ્રવેશ લેવા ઇચ્છતા વિધ્યાર્થીઓએ પ્રવેશ માટેની અરજી સીધી યુનિવર્સિટિ ખાતે કરવાની રહેશે.
5. <u>જો સીટો ખાલી ન હોય અને અન્ય યુનિવર્સિટિના વિધ્યાથીઓ પ્રવેશ લેવા ઉત્સુક હોય તેવા સંજોગોમાં જેટલા વિધ્યાર્થીઓને સમાવવા શકય હોય તેટલી સુપરનુમમરી સીટો ની મંજૂરી આપવા માનનીય કુલપતિશ્રી ને સત્તા આપવામાં આવે છે.</u>

ઉપરોક્ત મુજબની પ્રવેશ પ્રક્રિયા માટે સિંડિકેટને ભલામણ કરવામાં આવે છે.

<u>સિંડિકેટની તા 2021/12/10 .ની સભાનો ઠરાવ ક્રમાંક 143 :</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડમિક કાઉન્સિલની તા. 07/12/2021 ની સભાની ઉપરોકત ભલામણ : 33 નો યથાવત સ્વીકાર કરવો.

(નોંધ : શૈક્ષણિક વર્ષ 2024-25 માટે અન્ય યુનિવર્સિટિના વિધ્યાર્થીઓને પ્રવેશ બાબતે આ સાથે સામેલ પત્ર મુજબની સમિતિની નિમણૂક કરેલ છે)

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૮૯. યુનિવર્સિટીના વિવિધ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ ની પ્રવેશ કાર્યવાહી માટે ડીવિઝન દીઠ બેઠકો નક્કી કરવા અંગેએકેડેમિક કાઉન્સિલ ની તા. ૨૦/૦૪/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક ૪૭ થી કરેલ ભલામણ અન્વયે સિન્ડિકેટની તા. ૧૯/૦૫/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ નીચે મુજબ છે. જે અવલોકને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ ની પ્રવેશ કાર્યવાહી માટે વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦/૦૪/૨૦૨૩ ની ભલામણ ક્રમાંક : ૪૭

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ની પ્રવેશ કાર્યવાહી માટે ડીવિઝન દીઠ નીચે મુજબ બેઠકો ફાળવવા તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે આ સાથે સામેલ પરિશિષ્ટ–ક માં દર્શાવ્યા મુજબ બેઠકો ફાળવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

અભ્યાસક્રમ	સ્વનિર્ભર (ઈ.ડબલ્યુ.એસ. સહીત)	અનુદાનિત (ઈ.ડબલ્યુ.એસ.સહીત)
બી.કોમ.	૧૨૫	૧૫૦
બી.બી.એ.	૭૫	
બી.એસસી.	૯૦	૧૫૦
બી.એસસી.(ડેટા સાયન્સ એન્ડ એનાલીટીકસ)	૮૫	૭૫
બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ)	૮૫	૭૫
બી.સી.એ.	૮૫	
બી.સી.એ. ઓનર્સ ચોથુ વર્ષ	૭૫	
એમ.એસસી. (સી.એ.)	૫૦	
એમ.એસસી.(આઈ.ટી. પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ)	૨૪૦	
એમ.એસસી. (આઈ.સી.ટી.)	૭૫	
બી.આર. એસ.	૭૫	૭૫
બી.આર.એસ. (બુસ.ડી)	૭૫	
બી.એ.	૧૨૫	૧૫૦
બી.એસ.ડબલ્યુ.	૭૫	
બી.આઈ.ડી.	૧૫૦	
બેચલર ઓફ ફાઈન આર્ટસ	૧૫૦	
બી.એ. માસ કોમ.	૩૮	
બી.કોમ. એલ.એલ.બી.	૧૫૦	
બી.એસસી. બાયો ટેકનોલોજી	૭૫	
બી.એડ.	૫૦ + ૫	
એમ.એડ.	૫૦ + ૫	૫૦ + ૫

સિન્ડિકટની તા. ૧૯/૦૫/૨૦૨૩ની સભાનો ઠરાવ ક્રમાંક : ૦૫

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ઉપર દર્શાવેલ (બાબતમાં) કોષ્ટક મુજબ** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની પ્રવેશ કાર્યવાહી માટે ડીવિઝન દીઠ બેઠકો **ફાળવણી કરવાની રહેશે તેમજ** યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની પ્રવેશ કાર્યવાહી માટે ડીવિઝન દીઠ બેઠકો નક્કી કરવા અંગે **નીચે મુજબ કાર્યવાહી કરવી.**

(૧) વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં જે કોલેજોએ ૨૫+૫ (EWS) બેઠકોથી વધુ હાયર પેમેન્ટ ધોરણે માંગણી કરેલ હોય તેવી તમામ કોલેજો પાસે વધારાની બેઠકો માટે દરખાસ્ત મંગાવી તેને મંજૂર કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૨) આ સિવાય અન્ય વિદ્યાશાખામાં બેઠક ફાળવણીનો યથાવત સ્વીકાર કરવો તથા જે કોલેજો (સ્વનિર્ભર સહિત) ડીવીઝન દીઠ વધારાની બેઠકોની માંગણી કરે તે અંગે દરખાસ્ત મંગાવી તેને મંજૂર કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિવિધ સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ની પ્રવેશ કાર્યવાહી માટે ડિવીઝન દીઠ બેઠકો નકકી કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા.૨૦/૦૪/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૭ થી કરેલ ભલામણ અન્વયે સિન્ડિકેટની તા.૧૯/૦૫/૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૫ અવલોકને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ની પ્રવેશ કાર્યવાહી સંદર્ભે ગત વર્ષ મુજબની પ્રવેશ બેઠકો યથાવત રાખવી તથા અનુસ્નાતક અભ્યાસક્રમો માટે પણ ગત વર્ષ મુજબની પ્રવેશ બેઠકો યથાવત રાખવી તેમજ સદર સંસ્થા/કોલેજ પાસે માળખાગત સુવિધાઓ અંગે પુરાવા મંગાવવા.**

વધુમાં, સિન્ડિકેટની તા. ૧૯–૦૫–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંક : ૦૫ માં દર્શાવેલ મુદ્દા નં.૧ સરકારી અને અનુદાનિત સંસ્થાઓને લાગુ પડશે અને મુદ્દા નં.૨ અન્ય કોલેજોને લાગુ પડશે.

૯૦. Internal Quality Assurance Cell (IQAC) ની તા.૦૫/૧૨/૨૦૨૩ના રોજ મળેલ સભાની કાર્યવાહી અન્વયે અહેવાલ પર વિચારણા કરવા બાબત.

(IQAC)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** Internal Quality Assurance Cell (IQAC) **ની તા.૦૫/૧૨/૨૦૨૩ના રોજ મળેલ સભાની કાર્યવાહી / અહેવાલનો સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૯૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સિક્યુરિટી ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી મેહુલ કનૈયાલાલ મોદીની તા:૨૪/૧૧/૨૦૨૩ ની અરજી અવલોકનમાં લેવા વિનંતી.

તેમની અરજીમાં જણાવ્યાનુસાર, તેઓની યુનિવર્સિટીમાં સિક્યુરિટી ઓફિસર તરીકે ૨૦૦૯ થી કરાર આધારિતનિમણુંક કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૧૬ થી તેમનો કોન્ટ્રાક્ટ ૧૦ વર્ષ માટે કરવામાં આવ્યા સાથે પ્રતિ વર્ષ ૧૦% નો વધારો કરવામાં આવેલ છે. તેમની નિમણુંક અને હવે પછી મળવાપાત્ર ઇજફા સંદર્ભમાં નીચેની વિગત અવલોકને લેવા સાથે તેમના નિયત કરેલ પગારમાં યોગ્યતા મુજબ પગાર વધારોકરવા વિનંતિ કરેલ છે.

1. સિન્ડિકેટની તા.૧૮–૧–૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક (૨૨૧) થી ઠરાવ્યાની જાણ કાર્યાલયના તા.૬–૩–૨૦૨૩ ના પત્ર ક્રમાંક : જન/એસ્ટા/૮૩૪૨/૨૦૨૩ થી પ્રતિ વર્ષ ૧૦ % નો વધારો કરી જે તે દિવસથી અમલ કરી સુધારેલ પગારની ચુકવણી કરવાની જાણ તેઓને કરેલ છે. જે મુજબ પ્રતિ વર્ષ ઇજાફામાં ૧૦ % વધારો યુનિવર્સિટી કાર્યાલયમાં તેઓના સાથી કર્મચારીઓને ઇજાફાનો લાભ આપવામાં આવે છે તે મુજબ નિયમિત રીતે તેઓને મળવાપાત્ર તારીખથી ઇજાફા આપવા સાથે પગારની આકારણી કરવામાં આવે તેવી વિનંતિ કરેલ છે.
2. તેઓના જણાવ્યા અનુસાર તેઓ યુનિવર્સિટીમાં સિક્યુરિટી ઑફિસેર તરીકે ૧૮ થી વધુ વર્ષોનો અનુભવ સાથે એન.સી.સી. સી સર્ટિફિકેટ ધરાવે છે.તેઓ સુરતજિલ્લા હોમગાર્ડઝ તરીકે ૨૧ થી વધુ વર્ષથી માનદ સેવો આપવા સાથે રાજ્ય સરકારશ્રીના ગૃહ વિભાગદ્વારા હોમગાર્ડઝના સ્ટાફ ઓફિસર તાલીમ (સુરત શહેર) તરીકે નિમણુંક કરવા સાથે તેઓના દ્વારા સુરત શહેરમાં નવા ભરતી થયેલ હોમગાર્ડઝ (મહિલા હોમગાર્ડઝ સહીત) (૭ યુનિટ /ઝોનલગભગ ૧૬૦૦ જવાનોને તાલીમ આપવામાં આવે છે.

તેઓના દ્વારા હોમગાર્ડઝ તાલીમ દરમ્યાન રાષ્ટ્ર ભક્તિનું માર્ગદર્શન આપવા સાથે અઠવાડિયામાં એક વખત –રાષ્ટ્રગીત સાથે પરેડની તાલીમ આપવામાં આવે છે.જે પત્ર આ સાથે સામેલ છે.

ઉપરોકત બાબત અવલોકનમાં લઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૯૨. યુનિવર્સિટી કાર્યાલયના પીજી (પ્રવેશ)વિભાગના મદદનીશ કુલસચિવશ્રીનો પત્રાંકઃપીજી/પ્રવેશ/1807/20244 ,તા.: 20/01/2024, નોપત્ર અવલોકન માં લેવા વિનંતી.

તેમના પત્રમાં જણાવ્યાનુસાર,Industry Relations Cell (IRC)ની સ્થાપનાકરવાના હેતુથી તે અંગેના સ્ટાફની ફાળવણી કરવા બાબતે પીજી વિભાગદ્વારા કાર્યાલયને મોકલેલ આ સાથે સામેલ તા.૨૦–૦૧–૨૦૨૪ના ઈ–મેઈલ મુજબ સ્ટાફની ભરતીઅંગેની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી કરેલ છે જે પત્ર આ સાથે સામેલ છે.

ઉપરોક્ત બાબત અવલોકનમાં લઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૯૩. યુનિવર્સિટી પરિસર વિભાગમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના સરળ સંચાલન માટે સિન્ડિકેટે તેની તા.૨૧–૦૯–૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : (૨૨)થી મંજૂર કરેલ Ordinance- 187 Executive Committee (EC)ને સેનેટની તા.૨૩–૦૩–૨૦૨૧ ની વાર્ષિક સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૮) થી સ્વીકારેલ હોય તેમજ તે ઉપરાંત હાયર પેમેન્ટ અભ્યાસક્રમોના સરળ સંચાલન માટે હાયર પેમેન્ટ અભ્યાસક્રમોને Ordinance- 187 Executive Committee (EC)માં આમેજ કરવા સિન્ડિકેટે તેની તા.૦૪–૦૨–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંક : (૦૯)થીOrdinance- 187 Executive Committee (EC)માં સુધારો મંજુર કરેલ હોય તેને સેનેટની તા.૨૯–૦૩–૨૦૨૪નીવાર્ષિક સભાના ઠરાવ ક્રમાંક : (૧૫) થી મંજુર કરેલ છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન નીચેના સ્વનિર્ભર અભ્યાસક્રમો તેમજ હાયર પેમેન્ટ અભ્યાસક્રમોમાં Executive Committee (E.C) સમિતિની Ordinance- 187 મુજબ રચના કરવાની હોય, **Ordinance- 187**(7) ની જોગવાઈ મુજબ **One Member from Syndicate nominated by the Syndicate from its members**નિયુકતિ કરવાની હોય. Executive Committee (EC)પર **Ordinance- 187**(7)ની જોગવાઈ મુજબ સભ્યોની નિમણુંક કરવા સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરતા સિન્ડિકેટની તા.૨૮–૦૭–૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ૧૦ થી નીચે મુજબ ઠરાવેલ છે. જે અન્વયે સિન્ડિકેટ સભાએ માનનીય કુલપતિશ્રીને સત્તા આપેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

(10)

Syndicate Minutes
Dt.28-07-2023

૧૦. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન નીચેના સ્વનિર્ભર અભ્યાસક્રમો તેમજ હાયર પેમેન્ટ અભ્યાસક્રમોમાં Executive Committee (E.C) સમિતિની Ordinance-187 મુજબ રચના કરવાની હોય, **Ordinance-187**(૭) ની જોગવાઈ મુજબ Executive Committee (E.C) સમિતી પર સિન્ડિકેટના એક સભ્યની નિયુકતી કરવા વિચારણા કરવા બાબત.

(નોંધઃ- યુનિવર્સિટી પરિસર વિભાગમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમના સરળ સંચાલન માટે સિન્ડિકેટે તેની તા.૨૧-૦૯-૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : (૨૨) થી મંજૂર કરેલ Ordinance-187 Executive Committee (EC)ને સેનેટની તા.૨૩-૦૩-૨૦૨૧ ની વાર્ષિક સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૮) થી સ્વીકારેલ હોય તેમજ તે ઉપરાંત હાયર પેમેન્ટ અભ્યાસક્રમોના સરળ સંચાલન માટે હાયર પેમેન્ટ અભ્યાસક્રમોને Ordinance-187 Executive Committee (EC)માં આમેજ કરવા સિન્ડિકેટે તેની તા.૦૪-૦૨-૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૦૯)થી Ordinance-187 Executive Committee (EC)માં સુધારો મંજુર કરેલ હોય તેને સેનેટની તા.૨૯-૦૩-૨૦૨૩ની વાર્ષિક સભાના ઠરાવ ક્રમાંક : (૧૫) થી મંજુર કરેલ છે. જેનો પાઠ નીચે મુજબ છે.)

Ordinance- 187 Executive Committee (EC):

Every Department/Centre/Institute (situated in the Veer Narmad South Gujarat University Campus) offering a Self – financed programme as well as Program with Higher Payment Fess shall have an executive committee comprising of the following members.

1. Vice-Chancellor as Chairperson;
2. Pro-Vice Chancellor
3. Head of the Department / Hon. Director/Director;
4. Coordinator of the Programme; (If the Head/Director happens to be the coordinator, then a senior faculty member shall be nominated by the Vice-cancellor in the committee);
5. Registrar (or his nominee not below the rank of Dy. Registrar);
6. One Member from Academic Council nominated by the Academic Council from its members;
7. **One Member from Syndicate nominated by the Syndicate from its members;**

In the absence of Vice-Chancellor, Pro-Vice Chancellor shall chair the committee.

In the absence of Vice-Chancellor and Pro-Vice-Chancellor the Head of the Department/ Hon Director/Director shall chair the committee.

In the absence of Vice-Chancellor, Pro-Vice-Chancellor and Head of the Department/ Hon Director/Director, the meeting shall be chaired by one of the members of committee nominated by the remaining members.

Meeting of the Executive Committee:

1. Meetings of the EC shall be held at least twice a year and / or as and when required.
2. A minimum of three members shall constitute quorum for a meeting.
3. The Co-ordinator shall be the member- Secretary and the Chief executive of the EC.

ક્રમ	અભ્યાસક્રમો	O.187(7) One Member from Syndicate nominated by the Syndicate from its members
1	M.Sc. (Aquatic Biology) (Higher Payment)	
2	M.Sc.-Microbiology, Botany, Zoology (Higher Payment) (SFI)	
3	B.Sc. Microbiology / Five Year Integrated M.Sc. Biothechnology (SFI)	
4	M.Sc. - Chemistry (Organic /Environmental/ Pharmaceutical Chemistry) (SFI) M.Sc. Chemistry (Evening) (SFI) M.Sc. Chemistry (Organic/ Inorganic/ Analytical/ Physical) (Higher Payment)0000000.0	
5	M.Sc. Physics (Higher Payment)	
6	M.Sc. Mathematics (Higher Payment) (SFI)	
7	M.Sc.-Applied Statistics (Higher Payment)	
8	Five Year Integrated M.SC. (I.T.), M.SC. (I.C.T.) (SFI)	
9	M.A. Sanskrit (SFI)	
10	M.A. Hindi (Higher Payment & SFI)	
11	M.A. (Comparative Literature) (Higher Payment)	
12	M.A. Economics (Higher Payment)	
13	M.A. Political Science (SFI)	

14	M.A. History (SFI)	
15	M.A. Psychology (SFI)	
16	M.A. Hindus Studies (SFI)	
17	M.A. (English) (Higher Payment)	
18	M.A. (Gujarati) (Higher Payment)	
19	M.A. Sociology (Higher Payment), M.S.W. (SFI)	
20	M.L.W., M.A. (H.R.D.), M.A. (H.R.M. & L.R.) (SFI)	
21	B.A. Mass Communication (SFI)	
22	M.C.A. (SFI)	
23	M.Sc. (AI/ML) (SFI)	
24	B.L.I.Sc., M.L.I.Sc. (SFI)	
25	Interior Design (B.I.D.) (SFI)	
26	Fine Arts (B.F.A.) (SFI)	
27	Architecture (B. Arch., M.Arch.(Landscape Architecture), MURP (SFI)	
28	M.Ed. – SFI	
29	Five Year Integrated B.Com. LL.B, LL.M. (Human Rights, Business Law, Criminal Group) (SFI)	
30	M.Com., M.Com. (Statistics)(SFI)	
31	M.B.A., M.B.A. (Evening) (SFI)	
32	M.R.S. (Higher Payment), M.R.S. SD Five Year Integrated (SFI)	

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન **ઉપરોકત** સ્વનિર્ભર અભ્યાસક્રમો તેમજ હાયર પેમેન્ટ અભ્યાસક્રમોમાં Executive Committee (E.C) સમિતિની **Ordinance- 187** મુજબ રચના કરવાની હોય, **Ordinance- 187** (૭) ની જોગવાઈ મુજબ Executive Committee (E.C) સમિતી પર **હાલના સિન્ડિકેટ સભ્યશ્રીઓની નિયુકિત યથાવત રાખવી અને નવા વિભાગો / ટર્મપૂર્ણ થયેલ સભ્યશ્રીઓ માટે નવા નામ માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.**

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૯૪. The Gujarat Public Universities Act – 2023 ના અમલીકરણ બાદ રચાયેલ નવા અધિકાર મંડળો તથા તે અનુસાર અનુસરવાની થતી કાર્યરીતી ને ધ્યાને લઇ પીએચ.ડી ની આગામી પ્રવેશ પ્રક્રિયા અંગે વિચારણા કરવા બાબત.

સદર બાબતે વિચારણા કરતા સમયે નીચેની હકીકતો અવલોકન લેવા વિનંતી છે:

૧. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, ૨૦૨૨ અનુસારનો પીએચ.ડી ઓર્ડિનન્સ બનાવવા તમામ ડિનશ્રીઓની કમિટી બનાવવામાં આવેલ હતી જેનો અહેવાલ હજુ મળેલ નથી તથા ઓર્ડિનન્સ તૈયાર થયેલ નથી.

૨. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, 2022, 6. Allocation of Research Supervisor.-અનુસાર હાલ જે પી.એચ.ડી સુપરવાઈઝિંગ ટીચર ની માન્યતા ધરાવે છે તે ચૈકી હવે પછી કોને કોને પી.ચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય તે અંગે એકેડેમિક કાઉન્સિલ માં બાબત રજૂ કરતાં તમામ ડિનશ્રીઓની કમિટીને સદર બાત રીફર કરવામાં આવેલ છે જેનો અહેવાલ હજુ મળેલ નથી.

૩. આગામી પીએચ.ડી ની પ્રવેશ પ્રક્રિયામાં University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, ૨૦૨૨ નો અમલ થાય એ જરૂરી છે.

૪. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયાઓને સ્ટ્રીમલાઇન કરવાના હેતુથી Department of Education, Government of Gujarat એ The Gujarat Common Admission Service (GCAS) નામનો પોર્ટલ ચાલુ કરેલ છે જેમાં પીએચ.ડી નો પણ સમાવેશ કરવામાં આવેલ છે તથા તેનું ઓનલાઇન પ્રવેશ ફોર્મ પણ ડિઝાઇન કરેલ છે.

૫. University Grants Commission (Minimum Standards and Procedures for Award of Ph.D. Degree) Regulations, 2022, 6. Allocation of Research Supervisor.-અનુસાર કોને કોને પી.ચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય.... તે અંગેની જોગવાઈ "6. Allocation of Research Supervisor.- Permanent faculty members working as Professor/Associate Professor of a Higher Educational Institution with a Ph.D., and at least five research publications in peer-reviewed or refereed journals and permanent faculty members working as Assistant Professors in Higher Educational Institutions with a Ph.D., and at least three research publications in peer-reviewed or refereed journals may be recognized as a Research Supervisor in the university where the faculty member is employed or in its affiliated Post-graduate Colleges/institutes. Such recognized research supervisors cannot supervise research scholars in other institutions, where they can only act as co-supervisors. Ph.D. awarded by a university under the supervision of a faculty member who is not an employee of the university or its affiliated Post Graduate Colleges/institutes would be in violation of these Regulations." આ મુજબ છે. જે અવલોકને લેતાં માત્ર યુનિવર્સિટીના કાયમી અધ્યાપકો (Professors, Associate Professor, Assistant Professors) તથા માત્ર અનુસ્નાતક કોલેજ તરીકે નું જોડાણ ધરાવતી યુનિવર્સીટી સંલગ્ન કોલેજોના (affiliated Post Graduate Colleges/institutes) કાયમી અધ્યાપકો (Professors, Associate Professor, Assistant Professors). ને જ પી.ચ.ડી ના વિદ્યાર્થીઓ ફાળવી શકાય.

(અનુસ્નાતક વિભાગ)

: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.

૯૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે Extension of New Girls Hostel Buildingના કામ અંગે મળેલ ઈ–ટેન્ડરો પૈકી M.A.Kakadiya,Suratનું સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૨૩,૬૮,૧૮૨.૪૭ ઉપર ૩૩.૦૦% ઊંચા ભાવનું એટલે કે કુલ રૂા. ૩૧,૪૯,૬૮૨.૬૯ નું ટેન્ડર નાણાં સમિતિનીતા.: ૨૮–૦૨–૨૦૨૩ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૮૩ થી ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવેલ છે. સદર ટેન્ડર સિન્ડિકેટ વતી માન. કુલપતિશ્રી દ્વારાતા.: ૦૨–૦૩–૨૦૨૩ના રોજની કાર્યાલય નોંધ ઉપર મંજૂર કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામગીરી કરવા માટે M.A.Kakadiya, Surat ને તા.:૦૯/૦૩/૨૦૨૩ના રોજ ક્રમાંકઃ એસ્ટેટ/૬૦૦૨ થી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેમાં જણાવ્યા અનુસાર સદર કામની સમયમર્યાદા ૦૫ (પાંચ) માસ સુધીની હતી અને ત્યાર બાદ સદર બાબતે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા.:૨૧–૦૭–૨૦૨૩ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ થી સદર કામની સમયમર્યાદા વધુ ૦૬ માસ સુધી વધારવામાં આવેલ હતી અને તેની સમયમર્યાદા તા.: ૦૮–૦૨–૨૦૨૪ ના રોજ પુર્ણ થાય છે પરંતુ સાઈટ ઉપર હજુ કામગીરી બાકી હોય જેથી Extension of New Girls Hostel Building ની કામગીરી પૂર્ણ કરવા માટે વધુ ૦૩ માસ સુધી સમયમર્યાદા વધારી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે Extension of New Girls Hostel Buildingના કામ અંગે મળેલ ઈ–ટેન્ડરો પૈકી M.A.Kakadiya,Suratનું સૌથી ઓછી રકમનું એટલે કે ટેન્ડરની અંદાજીત રકમ રૂા.૨૩,૬૮,૧૮૨.૪૭ ઉપર ૩૩.૦૦% ઊંચા ભાવનું એટલે કે કુલ રૂા. ૩૧,૪૯,૬૮૨.૬૯ નું ટેન્ડર નાણાં સમિતિનીતા.: ૨૮–૦૨–૨૦૨૩ ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૮૩ થી ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવેલ છે. સદર ટેન્ડર સિન્ડિકેટ વતી માન. કુલપતિશ્રી દ્વારાતા.: ૦૨–૦૩–૨૦૨૩ના રોજની કાર્યાલય નોંધ ઉપર મંજૂર કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામગીરી કરવા માટે M.A.Kakadiya, Surat ને તા.:૦૯/૦૩/૨૦૨૩ના રોજ ક્રમાંકઃ એસ્ટેટ/૬૦૦૨ થી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેમાં જણાવ્યા અનુસાર સદર કામની સમયમર્યાદા ૦૫ (પાંચ) માસ સુધીની હતી અને ત્યાર બાદ સદર બાબતે પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિનીતા.:૨૧–૦૭–૨૦૨૩ના રોજની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ થી સદર કામની સમયમર્યાદા વધુ ૦૬ માસ સુધી વધારવામાં આવેલ હતી અને તેની સમયમર્યાદા તા.: ૦૮–૦૨–૨૦૨૪ ના રોજ પુર્ણ થાય છે પરંતુ સાઈટ ઉપર હજુ કામગીરી બાકી હોય જેથી Extension of New Girls Hostel Building ની કામગીરી પૂર્ણ કરવા માટે વધુ ૦૩ માસ સુધી સમયમર્યાદા વધારી આપવી.**

૯૬. VNSGU SHAIKSHIK SANGH, SURAT ના પ્રમુખશ્રી દ્વારા તા.૧૮–૦૮–૨૦૨૩ના પત્રથી મુલાકાતી અધ્યાપકોને મહેનતાણું ચુકવવા અંગે કરેલ રજુઆત પર વિચારણા કરવા બાબત.

નોંધઃ–

મુલાકાતી અધ્યાપકોને મહેનતાણું ચુકવવા અંગે સિન્ડિકેટ સભા દ્વારા નીચે મુજબ ઠરાવેલ હોય અને તે અન્વયે કાર્યલય દ્વારા પરિપત્ર કરેલ છે.

(૧) સિન્ડિકેટ તેની તા. ૧૮–૦૧–૨૦૨૩ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૪)થી યુનિવર્સિટીના અનુદાનિત / સ્વનિર્ભર દરેક વિભાગો તથા યુનિ.સંલગ્ન ગ્રાન્ટેડ/ સ્વનિર્ભર કોલેજોના પી.જી. સેન્ટરોમાં મુલાકાતી પ્રાધ્યાપકોને તાસ દીઠ રૂા. ૪૦૦/–મુજબ મહેનતાણું ચુકવવા ઠરાવેલ હોય જે મુજબ મહેનતાણું ચુકવવા કાર્યલયના તા. ૩૦–૦૧–૨૦૨૩ના પરિપત્ર ક્રમાંક : પીજી/ કાર્યભાર/૦૦૦૦૫૪/૨૦૨૩થી પરિપત્ર કરેલ છે

(૨) નાણાં સમિતિની તા.૦૯–૦૨–૨૦૨૨ ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૩.૪) થી સિન્ડિકેટને કરેલ ભલામણને સિન્ડિકેટે તેની તા.૧૦–૦૨–૨૦૨૨ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૬૩)થી યથાવત સ્વીકાર કરેલ હોય તે મુજબ યુનિવર્સિટી પરિસર ખાતે ચાલતા સ્નાતક/અનુસ્નાતક સ્વનિર્ભરઅભ્યાસક્રમોમાં મુલાકાતી પ્રાધ્યાપકોને મહેનતાણું ચુકવવા અંગે કાર્યાલયના તા.૦૯–૦૬–૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંકઃ પીજી/મહેનતાણું/૧૧૭૫૧/૨૦૨૨થી પરિપત્ર કરેલ છે.

(૩) ઉપરોકત કાર્યાલયના તા. ૦૯–૦૬–૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંકઃ પીજી/મહેનતાણું/ ૧૧૭૫૧/ ૨૦૨૨ અને કાર્યાલયના તા.૩૦–૦૧–૨૦૨૩નાપરિપત્ર ક્રમાંક : પીજી/કાર્યભાર/૦૦૦૦૫૪/ ૨૦૨૩માં મુલાકાતી અધ્યાપકોને મહેનતાણું ચુકવવા અંગેના પરિપત્રમાં વિભિન્નતા હોય જે અન્વયે યુનિવર્સિટી પરિસરના તમામ સ્વનિર્ભરઅભ્યાસક્રમોમાં મુલાકાતી અધ્યાપકોને કાર્યભાર કર્યેથી મહેનતાણું ચુકવવા અંગે સિન્ડિકેટની તા.૨૮–૦૬–૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ૧૬૦ થી ઠરાવ્યા મુજબ કાર્યાલયના તા. ૦૯–૦૬–૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંકઃ પીજી/મહેનતાણું/ ૧૧૭૫૧/૨૦૨૨નો અમલ કરવા ઠરાવ્યા મુજબ કાર્યાલયના તા.૨૦–૦૭–૨૦૨૩ના પરિપત્ર ક્રમાંકઃ પીજી/કાર્યભાર/મહેનતાણું/ ૧૮૮૮૧/૨૦૨૩થી પરિપત્રિત કરેલ છે.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૯૭. સિન્ડિકેટે તેની તા.૧૮–૦૧–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૩ અન્વયે શિષ્યવૃતિ એનાયત કરવા નિમાયેલ સભા તા.૦૧–૦૩–૨૦૨૩ ના રોજ તથા તા.૦૧–૧૧–૨૦૨૩ના રોજ મળેલ હતી. જેનો અહેવાલ આ સાથે સામેલ છે. જેના પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે તેની તા.૧૮–૦૧–૨૦૨૩ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪૩ અન્વયે શિષ્યવૃતિ એનાયત કરવા નિમાયેલ સભા તા.૦૧–૦૩–૨૦૨૩ ના રોજ તથા તા.૦૧–૧૧–૨૦૨૩ના રોજ મળેલ હતી. જે અહેવાલનો સ્વીકાર કરી આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૯૮. સદર બાબતે ગુજરાત સરકારશ્રીના પરિપત્ર ક્રમાંક: ખરચ/૧૦૨૦૨૨/૭૩/ઝ.૧ તા.૧૧-૧૦-૨૦૨૨ અન્વયે પરિશિષ્ટ – બ મુજબ કુલસચિવશ્રી માટે નવું વાહન ખરીદવાની દરખાસ્ત યુનિવર્સિટી દ્વારા પત્ર ક્રમાંક:વહી/રાસ/બજેટ/નબા/3078/2023 તા.06/02/2023 થી મારફતે સરકારશ્રીને કરવામાં આવી હતી જેના જવાબમાં સરકારશ્રી મારફત પત્ર ક્રમાંક: ISC -7/ VNSGU/EDN/ 30/2023-24/3804-09 તા.13-09-2023 અન્વયે સદર મંજૂરી મળેલ હતી પરંતુ આ મંજૂરીમાં કુલસચિવશ્રીને બદલે માન. કુલપતિશ્રીનું વાહન તેમ લખાઈને (ટાઈપોગ્રાફીકલ એરર) આવેલ હતું જેના અનુસંધાને બાંધકામ વિભાગની કાર્યાલય નોંધ estate/ estate /018008/2023 તા. 17/10/2023 પર સરકારશ્રી ટાઈપોગ્રાફીકલ ક્ષતિ સુધારવાની જાણ કરવાની તથા તે દરમિયાન કુલસચિશ્રી માટે નવા વાહન ખરીદવાની પ્રક્રિયા યુનિવર્સિટી દ્વારા શરૂ કરવા પરચેઝ સેલને જાણ કરવા માટે આદેશ પ્રાપ્ત થયેલ હતો સદર આદેશ અનુસાર પત્ર ક્રમાંક:એસ્ટેટ/28711 તા.07/11/2023 થી પરચેઝ સેલને gem મારફતે કુલસચિવશ્રી માટે વાહન ખરીદવાની પ્રક્રિયા શરૂ કરવા જણાંવાયેલ હતું જે અન્વયે તા.21/11/2023 ના રોજની સમિતિએ કરેલ ભલામણ અન્વયે કુલસચિવ માટે Mahindra &Mahindra Utility Vehicles (version – 2) SUV manual 2 wheel drive (rear wheel) (MahindraScorpio Z 8 L D MT 7 STR BS-VI 2) વાહન ખરીદવા સરકારશ્રીની સુધારેલ વહીવટી મંજૂરી મેળવી gem પરથી ખરીદી કરવા ભલામણ કરેલ હતી અને પત્ર ક્રમાંક:એસ્ટેટ/26898 તા.07/10/2023 મારફત સરકારશ્રીને ટાઈપોગ્રાફીકલ એરર સુધારીને સુધારેલી વહીવટી મંજૂરી આપવાની વિનંતી તથા યુનિવર્સિટી દ્વારા નવું વાહન ખરીદવાની પ્રક્રિયા શરૂ કરાયેલ છે તેની જાણ કરવામાં આવી હતી વધુ એકવાર પત્ર ક્રમાંક:એસ્ટેટ/ 29305 તા.22/11/2023 દ્વારા સુધારેલી વહીવટી મંજૂરી આપવા પુનઃ વિનંતી કરાયેલ હતી જે સંદર્ભે પત્ર ક્રમાંક:એસ્ટેટ/1871 તા.23/01/2024 ના રોજ વિનંતી પત્ર-1 પાઠવવામા આવ્યો હતો ઉપરોક્ત રજૂઆત સંદર્ભે નાયબ નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી દ્વારા પત્ર ક્રમાંક: ISC -7/ન.બા./VNSGU/2023-24/222-23 તા.06/02/ 2024 થી સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ (ખ-૨ શાખા) બ્લોક નં. ૫, સાતમો માળ, નવા સચિવાલય, ગાંધીનગરને સુધારેલ વહીવટી મંજૂરી આપવા વિનંતી કરેલ છે જે સંદર્ભે એસ્ટેટ વિભાગની કાર્યાલય નોંધ એસ્ટેટ/એસ્ટેટ/003375/2024 તા.09/02/2024 પર સદર બાબતને સક્ષમ સત્તામંડળમાં રજૂ કરવા આદેશ મળેલ છે. ઉપરોક્ત બાબતે મળેલ આદેશ અનુસાર બોર્ડ ઓફ મેનેજમેન્ટ સમક્ષ વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત સંદર્ભે સરકારશ્રીના પત્રાનુસાર ગાડીની ખરીદી કરવી અને તદ્અનુસાર સરકારશ્રીને જાણ કરવી.**

વધુમાં, જો જરૂર જણાય તો યુનિવર્સિટીના ફંડ માંથી રકમ સરભર કરવી.

૯૯. યુનિવર્સિટીના રિસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ સેલ અંતર્ગત તમામ કમિટી સભ્યોની તા. ૦૩/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે નવા વહીવટી ભવનના સેનેટ-સિન્ડિકેટ સભાખંડમાં સભાનું આયોજન રાખવામાં આવેલ હતું. આ સભામાં જે મુદ્દે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી તે મુદ્દા નીચે મુજબ છે તેમજ આ મુદ્દાની કાર્યવાહી આ સાથે સામેલ છે. જે એકેડેમિક કાઉન્સીલની તા.૦૭/૧૦/૨૦૨૩ બાબત ઠરાવ ક્રમાંક: (૨૩) મુજબ સિન્ડીકેટને ભલામણ કરવામાં આવેલ હતી. પરંતુ સિન્ડીકેટના તા.૨૩/૦૧/૨૦૨૪, જાહેનામું ક્રમાંક: એસ/સિન્ડીકેટ/જાહેનામું/૧૯૨૦-૧/૨૦૨૪ થી સિન્ડીકેટનો અંત આવેલ છે. **જેના અનુસંધાનમાંનીચે જણાવેલમુદ્દા પર વિચારણા કરવા બાબત.**

૧. કમિટી દ્વારા યુનિવર્સિટીની રીસર્ચ પોલીસી રજુ કરવામાં આવી હતી અને તે અંગે ચર્ચા-વિચારણા કરી તેને મંજુર કરવામાં આવી **(બિડાણ નં.: ૦૧).**

૨. ક્વોલીટી પબ્લીકેશન ડ્રાઈવ, કન્સલ્ટન્સી રીસર્ચ ગાઈડલાઈન, પી.એચ.ડી ઓર્ડીનન્સ, એન્ટી પ્લેગીરીઝમ પોલીસી, રિસર્ચ સેન્ટર ગાઈડલાઈન તેમજ યુનિવર્સિટી દ્વારા ફાળવેલ ફંડ અંગેના પ્રોજેક્ટ અંગેની ગાઈડલાઈન ને તે હાલમાં સ્વરૂપે કાર્યરત રાખવી અને આગળ વધારવાનો ઠરાવ કરવામાં આવ્યો **(બિડાણ નં.: ૦૨).**

૩. રીસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ સેલ અંતર્ગત વહીવટી માળખાની દરખાસ્ત રજુ કરવામાં આવી. જેને અંતર્ગત ૦૧-કો-ઓર્ડિનેટર, ૦૧-રીસર્ચ ઓફિસર, ૦૨-કલાર્ક, ૦૧-પટાવાળા તેમજ ૦૫ જેટલા સ્ટાફને અનુકુળ ઓફીસમાળખાની ભલામણ કરવામાં આવી. આ ઉપરાંત ૦૨ કોમ્પુટરસિસ્ટમ્સ ઈન્ટરનેટ સુવિધા સહિત અને ૦૧ પ્રિન્ટર (સ્કેનર સહિત) તેમજ સેલને કાર્યરત કરવા ફંડ ફાળવવા સિન્ડિકેટ સભાને ભલામણ કરવામાં આવી **(બિડાણ નં.: ૦૩).**

૪. ઈન્ટરનેશનલ/નેશનલ કોન્ફરન્સ, સેમીનાર અથવા વર્કશોપ (ભારત દેશના ગુજરાત તથા અન્ય રાજ્યમાં અને વિદેશમાં)માં ભાગ લેવા કાયમી શૈક્ષણિક કર્મચારીઓ માટે ટ્રાવેલિંગ ફંડ અંગે ચર્ચા કરવામાં આવી તેમજ તેને સ્વીકારવાનો ઠરાવ કરવામાં આવ્યો. આ ટ્રાવેલિંગ ફંડ માટે રજુઆત કરેલ પોલીસી આ સાથે સામેલ છે **(બિડાણ નં.: ૦૪).** આ માટે યોગ્ય ફંડની ફાળવણી કરવા સિન્ડીકેટને ભલામણ કરવામાં આવી. (મુદ્દા. નં. ૦૪ નાણાંસમિતિમાં બાબત મુકવામાં આવેલ છે.)

૫. IPRઅંગેની પોલીસીનો ડ્રાફ્ટ રજુ કરવામાં આવ્યો અને તે અંગે ચર્ચા-વિચારણા કરી મંજુર કરવામાં આવી **(બિડાણ નં.: ૦૫).**

૬. VNSGU Institutional Human Ethics Committee તેમજVNSGU Institutional Animal Ethics Committeeના મુદ્દે ચર્ચા-વિચારણા કરવામાં આવી. તેમજ આ ડ્રાફ્ટ અંતર્ગત રહેલા કમિટી ગઠબંધનના નિયમો અનુરૂપ કમિટીની રચના કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી **(બિડાણ નં.: ૦૬).**

૭. Institutional Biosafety Committeeની મુદ્દે ચર્ચા-વિચારણા કરવામાં આવી. તેમજ આ ડ્રાફ્ટ અંતર્ગત રહેલા કમિટી ગઠબંધનના નિયમો અનુરૂપ કમિટીની રચના કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવી **(બિડાણ નં.: ૦૭).**

૮. શોધ તેમજ અન્ય સરકારી તેમજ યુનિવર્સિટી દ્વારા ફાળવેલ ફંડ માંથી આપવામાં આવતી ફેલોશીપ/સ્કોલરશીપને આર.&ડી. સેલ અંતર્ગત રાખવા માટે ઠરાવવામાં આવ્યું.

૯. યુનિવર્સિટી કેમ્પસના શિક્ષકો તેમજ શિક્ષણને સાથે જોડાયેલ અધિકારીઓના Vidwan(INFLIBNET)માં પ્રોફાઈલ બનાવવા તેમજ ગૂગલ ફોર્મ થકી IRINS (INFLIBNET)સંબંધિત માંગેલ માહિતી જમા કરાવવાનો ઠરાવ કરવામાં આવ્યો.

(યુ.જી.સી. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત મુદ્દા નં.૧ અને ૯ ની નોંધ લેવામાં આવે છે, મુદ્દા નં.૨, ૩, ૪, ૫ અને ૮ ને યથાવત મંજૂર કરવામાં આવે છે, મુદ્દા નં.૬ અને ૭ માં જણાવ્યાનુસાર સમિતિની રચના કરવી અને સમિતિના સભ્યોની નિમણૂંક કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૧૦૦. વીર નર્મદ દક્ષિણગુજરાત વિશ્વ વિદ્યાલયમા આપનો તા.૩/૧૧/૨૦૨૩ના રોજ પત્ર મળેલ છે. જેમાંસુરતનાTAAL GROUP અને CLOFFINDIA ના સંયુક્ત ઉપક્રમે International Folklore Dance Fest ૨.૦-૨૦૨૪નુંઆયોજન એમ્પી થિયેટરપર તા.૮/૩/૨૦૨૪ થી ૧૧/૩/૨૦૨૪ કરેલ છે જેમાં ૨૦૦ વ્યક્તિના ભોજનની વ્યવસ્થા ૫ મોટા બેનરો, સાઉન્ડ, અને ૨૦૦૦ ખુરશી, તથાસ્વાગતમાટે અંદાજિત ૪૦ મોમેન્ટોની જરૂરિયાત હોય જેની વ્યવસ્થાકરી આપવાબાબતપર બોર્ડઓફ મેનેજમેન્ટમાં વિચારણાકરવાવિનંતી

અંદાજિત ખર્ચ:-
૨૦૦ વ્યક્તિનાભોજનનો ખર્ચ ૫૦,૦૦૦
૫ મોટા બેનરોનો ખર્ચ ૮૦૦૦
સાઉન્ડ સિસ્ટમનો ખર્ચ ૨૦,૦૦૦
૨૦૦૦ ખુરશીનો ખર્ચ ૧૦,૦૦૦
સ્વાગતમાટે અંદાજિત ૪૦ મોમેન્ટોનો ખર્ચ ૨૦,૦૦૦
અન્યપરચુરણ ખર્ચ ૧૦,૦૦૦
કુલ અંદાજિત ખર્ચ ૧,૧૮,૦૦૦

(યુ.ક અનેશા.શિ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,વીર નર્મદ દક્ષિણગુજરાત વિશ્વ વિદ્યાલયમાઆપનો તા.૩/૧૧/૨૦૨૩ના રોજ પત્ર મળેલ છે. જેમાંસુરતના TAAL GROUP અને CLOFFINDIAના સંયુક્ત ઉપક્રમે International Folklore Dance Fest ૨.૦-૨૦૨૪નુંઆયોજન એમ્પી થિયેટરપર તા.૮/૩/૨૦૨૪ થી ૧૧/૩/૨૦૨૪ કરેલ છે જેમાં ૨૦૦ વ્યક્તિના ભોજનની વ્યવસ્થા ૫ મોટા બેનરો, સાઉન્ડ, અને ૨૦૦૦ ખુરશી, તથાસ્વાગતમાટે અંદાજિત ૪૦ મોમેન્ટોની જરૂરિયાત હોય જેની વ્યવસ્થા કરી આપવા સંદર્ભે કુલ અંદાજિત ખર્ચ રૂા.૧,૧૮,૦૦૦ ની મર્યાદામાં મંજૂરી આપવી.**

૧૦૧. યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો અને કાયદાકીય બાબતો અંગે વકીલશ્રીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત

નોંધ : યુનિવર્સિટીના વિવિધ કાનૂની કેસો અંગે વકીલશ્રીની નિમણૂક કરવા તેમજ તેમના બીલની ચુકવણી માટે તા.૧૦/૧૨/૨૦૨૧ ની સિન્ડીકેટની સભાના ઠરાવ ક્રમાંક :૬ થી માનનીય કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ હતી.

નોંધ : બોર્ડ ઓફ મેનેજમેન્ટ તા.૦૩–૦૨–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૦૯ થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ હતું.

(લીગલ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Withdraw કરવામાં આવે છે.**

૧૦૨. નર્મદા એજ્યુકેશન એન્ડ સાયન્ટિફિક રિસર્ચ સોસાયટી સંચાલિત નર્મદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ ઝાડેશ્વર ભરૂચ ના અધ્યાપક ડો. કે. જી. રાવલની કોલેજના ઇ. ચા. આચાર્યશ્રી વિરૂદ્ધની રજૂઆત સંદર્ભમાં માન. કુલપતિશ્રી નિયુક્ત સમિતિના આ સાથેના અહેવાલ સાથે નીચે મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણની પ્રથમ જાણ કર્યા બાદ ભલામણ મુજબ કાર્યવાહી કરવા એક થી વધુ પત્રોથી જાણ કરેલ હોય જે ભલામણ મુજબ કાર્યવાહી ન કરતા અરજી કરતા અધ્યાપક ડો. કે. જી. રાવલ દ્વારા તેમના તા. ૧-૧-૨૦૨૪ ના પત્રથી આ સાથેની રજૂઆત મુજબ કોલેજ સંચાલક મંડળ તરફથી કોઈપણ કાર્યવાહી થઈ નથી અને યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવામાં કોલેજ સંચાલક મંડળ કોઈ પણ રસ/આદર ન હોય તેની જાણ સાથે ડો. એ. કે. સિંઘની ઈ. ચા. આચાર્યશ્રી તરીકેની માન્યતા રદ કરવા વિનંતી કરેલ છે જે પર વિચારણા કરવા બાબત.

નોંધ : બોર્ડ ઓફ મેનેજમેન્ટ તા.૦૩–૦૨–૨૦૨૪ના ઠરાવ ક્રમાંક : ૧૭ થી સદર બાબતને આગામી સિન્ડિકેટની સભામાં રજૂ કરવા જણાવેલ હતું.

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નર્મદા એજ્યુકેશન એન્ડ સાયન્ટિફિક રિસર્ચ સોસાયટી સંચાલિત નર્મદા કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ ઝાડેશ્વર ભરૂચ ના અધ્યાપક ડો. કે. જી. રાવલની કોલેજના ઇ. ચા. આચાર્યશ્રી વિરૂદ્ધની રજૂઆત સંદર્ભમાં માન. કુલપતિશ્રી નિયુક્ત સમિતિના અહેવાલ સાથે** ઉપરોકત **મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણની પ્રથમ જાણ કર્યા બાદ ભલામણ મુજબ કાર્યવાહી કરવા એક થી વધુ પત્રોથી જાણ કરેલ હોય જે ભલામણ મુજબ કાર્યવાહી ન કરતા અરજી કરતા અધ્યાપક ડો. કે. જી. રાવલ દ્વારા તેમના તા. ૧-૧-૨૦૨૪ ના પત્રથી આ સાથેની રજૂઆત મુજબ કોલેજ સંચાલક મંડળ તરફથી કોઈપણ કાર્યવાહી થઈ નથી અને યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવામાં કોલેજ સંચાલક મંડળ કોઈ પણ રસ/આદર ન હોય તેની જાણ સાથે ડો. એ. કે. સિંઘની ઈ. ચા. આચાર્યશ્રી તરીકેની માન્યતા રદ કરવા કરેલ વિનંતી સંદર્ભે સમિતિનો અહેવાલ સ્વીકારી આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૦૩. નીચે દશાવેલ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન નવા જોડાણની યુનિવર્સિટીના અધિકાર મંડળની મંજૂરી બાદ સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરીની શરતોના પરિપાલન સાથે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરને કરેલ દરખાસ્તને એક વર્ષથી વધુ સમય થવા છતા સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ ન હોય, સદરહું કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા (૬૦) સીટની મંજૂરી મળેલ હતી. યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૬–૦૯ – ૨૦૨૩ની નોંધ પર મળેલ આર્દેશ મુજબ નીચે જણાવેલ બેઠકો પર પ્રવેશ આપવા ACPCને જાણ કરેલ છે. જેની નોંધ લેવા સારૂ.

Sr.No	Name of the Institute	Programme Type	Seats
1.	Shri BharatsinhGemalsinh Makwana College of Nursing,Opp. Bhartimaiya vidya Sankul,B/h, Big Bazar, Vesu Road, Surat-395007	B.Sc. (Nursing) (Self Finance)	60

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,ઉપરોકત દશાવેલ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન નવા જોડાણની યુનિવર્સિટીના અધિકાર મંડળની મંજૂરી બાદ સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરીની શરતોના પરિપાલન સાથે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરને કરેલ દરખાસ્તને એક વર્ષથી વધુ સમય થવા છતા સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી મળેલ ન હોય, સદરહું કોલેજમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪માં ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા (૬૦) સીટની મંજૂરી મળેલ હતી. યુનિવર્સિટી કાર્યાલયના તા.૦૬–૦૯–૨૦૨૩ની નોંધ પર મળેલ આર્દેશ મુજબ ઉપરોકત જણાવેલ બેઠકો પર પ્રવેશ આપવા ACPCને જાણ કરેલ છે. જેની નોંધ લેવામાં આવે છે.**

૧૦૪. વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રીનો આ સાથે સામેલ તા.૩૦-૦૯-૨૦૨૩નો પત્ર અન્વયે યુનિવર્સિટીના કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને તેઓની હાલની જવાબદારી ઉપરાંત ઉપલી કેડરના કર્મચારીની વધારાની કામગીરીના વધારાનું આર્થિક વળતર ચુકવવા અંગે વિનંતી કરેલ છે.

વધુમાં, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો, યુનિવર્સિટીના સ્વનિર્ભર અભ્યાસક્રમો, સેમેસ્ટર પધ્ધતિ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારાને લીધે વહીવટી અને પરીક્ષાની કામગીરીના અતિ ભારણને ધ્યાને લઈ અત્રેની યુનિવર્સિટીના કાર્યાલયમાં ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓને તેઓની હાલની જવાબદારી ઉપરાંત ઉપલી કેડરના કર્મચારીની વધારાની કામગીરીના વધારાનું આર્થિક વળતર ચુકવવા અંગે તા.૦૭-૧૧-૨૦૨૩ની સિન્ડિકેટ સભા સમક્ષ રજૂ કરતા ઠરાવ ક્રમાંક:૦૪થી વહીવટી કર્મચારીઓને સોપેલ વધારાની કામગીરીના વધારાનું આર્થિક વળતર ચુકવવા સંદર્ભે (૧) ડૉ.જયંતીભાઈ ચૌધરી (૨) ડૉ.કેતનભાઈ દેસાઈ (૩) ડૉ.નિમેષભાઈ માલીની સમિતિ બનાવવી અને ત્રણ દિવસમા અહેવાલ રજૂ કરવો. એમ ઠરાવેલ છે. જે જાણ સારૂ.

ઉપરોક્ત બાબત અન્વયે યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોમાં હેડક્લાર્ક/ સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા વહીવટી કર્મચારીઓની સંયુક્ત સહીવાળા તા.૩૧-૦૭-૨૦૨૩ના પત્ર અને તા.૩૦-૦૯-૨૦૨૩ના રોજ વહીવટી કર્મચારી મંડળના પ્રમુખશ્રીનાં અંતર્ગત માન.કુલપતિશ્રીની મંજુરી અનુસાર હાલમાં યુનિવર્સિટી કાર્યાલયના વિવિધ વિભાગોમાં હાલની જવાબદારી ઉપરાંત ઉપલી કેડરના કર્મચારીની વધારાની કામગીરી સોપવામાં આવેલતમામ કર્મચારીઓને E FILEના વર્કફ્લોમા તેઓની મૂળકેડર/હોદ્દા આપવામાં આવેલ છે. જે જાણ સારૂ

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતની નોંધ લેવામાં આવે છે.**

૧૦૫. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સામેલ જાહેરનામા ક્રમાંકઃ GS/16/2022/PHD/102022/603/GH, તા.૦૫–૧૧–૨૦૨૨ થી સને–૨૦૨૩ના વર્ષ દરમ્યાન પાર્ટ–૧માં જાહેર રજાઓ (Public Holidays)તેમજ પાર્ટ–૨માં સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ (Optional Holidays for Government Employees) જાહેર કરે છે, જે અર્થે કાર્યાલય દ્વારા સને ૨૦૨૩ના વર્ષ દરમ્યાનની રજાઓ અંગે તા.૧૧/૧૧/૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંક : જન/૫.૧–૨જા/૨૬૮૮૩/૨૦૨૨ થી યુનિવર્સિટી તેમજયુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને જાહેર રજાઓ લાગુપાડવાકરેલ પરિપત્રસંદર્ભે નોંધ લેવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સામેલ જાહેરનામા ક્રમાંકઃ GS/16/ 2022/PHD/ 102022/603/GH, તા.૦૫–૧૧–૨૦૨૨ થી સને–૨૦૨૩ના વર્ષ દરમ્યાન પાર્ટ–૧માં જાહેર રજાઓ (Public Holidays)તેમજ પાર્ટ–૨માં સરકારી કર્મચારીઓ માટે માન્ય કરેલી મરજીયાત રજાઓ (Optional Holidays for Government Employees) જાહેર કરે છે, જે અર્થે કાર્યાલય દ્વારા સને ૨૦૨૩ના વર્ષ દરમ્યાનની રજાઓ અંગે તા.૧૧/૧૧/૨૦૨૨ ના પરિપત્ર ક્રમાંક : જન/૫.૧–૨જા/૨૬૮૮૩/૨૦૨૨ થી યુનિવર્સિટી તેમજયુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોને જાહેર રજાઓ લાગુ પાડવા કરેલ પરિપત્ર સંદર્ભે નોંધ લેવામાં આવે છે.**

૧૦૬. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે આગામી તા.૧૨ ફેબ્રુઆરીના રોજ માનનીય રાષ્ટ્રપતિશ્રી અને ગુજરાત સરકારના માનનીય રાજ્યપાલશ્રી SVNIT નાં Convocation પ્રોગ્રામમાં હાજર રહેનાર હોવાથી તા.૨૭–૦૧–૨૦૨૪ના રોજ સુરત શહેરના કલેકટરશ્રી, SVNITનાં ડાયરેકટરશ્રી અને પોલીસ ખાતાના અધિકારીશ્રીઓના જોઈન્ટ વિઝીટ દરમ્યાન મળેલ સુચના અનુસાર કન્વેન્શન હોલ ખાતે આવેલ ખુરશીઓ મરામત કરવાની કામગીરીતાકિદે કરવાની હોય. જે કામગીરી કરાવવા માટે PRAMOD SHARMA પાસે મંગાવેલ અંદાજપત્ર મુજબ Rs.20,400 નો ખર્ચ થયેલ છે. જે બાબતની જાણ થવા સારું.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે આગામી તા.૧૨ ફેબ્રુઆરીના રોજ માનનીય રાષ્ટ્રપતિશ્રી અને ગુજરાત સરકારના માનનીય રાજ્યપાલશ્રી SVNIT નાં Convocation પ્રોગ્રામમાં હાજર રહેનાર હોવાથી તા.૨૭–૦૧–૨૦૨૪ના રોજ સુરત શહેરના કલેકટરશ્રી, SVNITનાં ડાયરેકટરશ્રી અને પોલીસ ખાતાના અધિકારીશ્રીઓના જોઈન્ટ વિઝીટ દરમ્યાન મળેલ સુચના અનુસાર કન્વેન્શન હોલ ખાતે આવેલ ખુરશીઓ મરામત કરવાની કામગીરીતાકિદે કરવાની હોય. જે કામગીરી કરાવવા માટે PRAMOD SHARMA પાસે મંગાવેલ અંદાજપત્ર મુજબ Rs.20,400 નો ખર્ચ થયેલ છે. જે બાબતની નોંધ લેવામાં આવે છે.**

૧૪૫. યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવી તા.૩૧-૧૦-૨૦૨૩ના રોજ વય મર્યાદાના કારણે નિવૃત્ત થયેલ શ્રી કમલેશકુમાર બી.પટેલની તા.૩૦-૧૧-૨૦૨૩નાંરોજતેઓ યુનિવર્સિટીમાં જાન્યુઆરી ૧૯૯૪ થી ફરજ બજવતા હતા, જે દરમ્યાન તેઓએ ૧૯૯૪ થી ૨૦૧૯ સુધી એક્વેટીક બાયોલોજી ડીપાર્ટમેન્ટમાં તેમજ ઓગસ્ટ ૨૦૧૯ થી ૩૧/૧૦/૨૦૨૩ સુધી પરીક્ષા વિભાગ ખાતે આવેલ કોન્વોકેશન/ એ-બ્રાંચમાં હેડકલાર્ક તરીકેની ફરજ બજાવેલ હતી. આથી તેઓની યુનિવર્સિટી ખાતેથી કરેલ ફરજને ધ્યાને લઈને ફરી વખત સેવા આપવા ઇચ્છે હોય તેઓની પુનઃ નિમણુંક કરવા કરેલ અરજી અન્વયે અત્રેના વિભાગની તા.૦૨-૧૨-૨૦૨૩ની કાર્યાલય નોંધ પર મળેલ આદેશાનુસાર અત્રેના વિભાગના પત્રાંક: જન/એસ્ટા/૩૦૪૦૯/૨૦૨૩ થી પરીક્ષા નિયામકશ્રીનો અભિપ્રાય માંગવામાં આવેલ હતો. જે અન્વયે પરીક્ષા નિયામકશ્રીએ તા.૧૪-૧૨-૨૦૨૩ના આ સાથે સામેલ પત્ર ક્રમાંક: પરીક્ષા/સંકલન/૨૮૧૯૭/૨૦૨૩થી આપેલ અભિપ્રાયમા જણાવ્યાનુસાર યુનિવર્સિટીના અનુભવને ધ્યાને લઇ નિયમાનુસારની ઘટતી કાર્યવાહી કરવા જણાવેલ છે.

ઉપરોક્ત તમામ વિગતો અવલોકનમાં લઇ શ્રી કમલેશકુમાર બી.પટેલની પુનઃ નિમણુંક કરવા અંગેવિચારણા કરવાબાબત.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નામંજૂર કરવી.

૧૪૬. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો ઠરાવ ક્રમાંક: ED/VNS/e-file/3/2023/0322/KH-2 સિન્ડિકેટની સમક્ષ રજૂ થતાં સિન્ડિકેટની તા.28/07/2023 ની સભાનો ઠરાવ ક્રમાંક: ૪૪ થી સદર શિક્ષણ વિભાગના પત્ર અવલોકનમાં લઈ શૈક્ષણિક (નિયમિત જગ્યા) કર્મચારીઓ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ભરવા અંગેની (૧) એસોસિયેટ પ્રોફેસર (વ્યા.ઉ.સ.)-૦૧(૨) એસોસિયેટ પ્રોફેસર (બાયોસાયન્સ) -૦૧ (૩) આસિસ્ટન્ટ પ્રોફેસર (માનવ સંસાધન વિકાસ)-૦૧ ની ભરતી પ્રક્રિયા હાથ ધરવા અંગે કાર્યાલયની તા.૨૮/૦૮/૨૦૨૩ ની નોંધ પર મા.કુલપતિશ્રી દ્વારા સદર જગ્યાઓ ભરવા અંગે અનામતનું ધોરણ નિયત કરવા, રુલ્સ રેગ્યુલેશન, લાયકાતના ધારા ધોરણો તથા આનુષંગીક બાબતો નક્કી કરવા અંગે નિયુક્ત સમિતિની સભા તા.૦૬/૧૨/૨૦૨૩, ૨૮/૧૨/૨૦૨૩ તથા ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ વહીવટી ભવન ખાતે મળેલ હતી જેમાં સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ કાર્યવાહી,જાહેરાત તથા આનુષંગીક બાબતો બંધકવરમાં હોય, જેના પર વિચારણા કરવા બાબત...

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર નો ઠરાવ ક્રમાંક: ED/VNS/e-file/3/2023/0322/KH-2 સિન્ડિકેટની સમક્ષ રજૂ થતાં સિન્ડિકેટની તા.28/07/2023 ની સભાનો ઠરાવ ક્રમાંક: 88 થી સદર શિક્ષણ વિભાગના પત્ર અવલોકનમાં લઈ શૈક્ષણિક (નિયમિત જગ્યા) કર્મચારીઓ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ સુધી ભરવા અંગેની (૧) એસોસિયેટ પ્રોફેસર (વ્યા.ઉ.સ.)-૦૧(૨) એસોસિયેટ પ્રોફેસર (બાયોસાયન્સ) -૦૧ (૩) આસિસ્ટન્ટ પ્રોફેસર (માનવ સંસાધન વિકાસ)-૦૧ ની ભરતી પ્રક્રિયા હાથ ધરવા અંગે કાર્યાલયની તા.૨૮/૦૮/૨૦૨૩ ની નોંધ પર મા.કુલપતિશ્રી દ્વારા સદર જગ્યાઓ ભરવા અંગે અનામતનું ધોરણ નિયત કરવા, રુલ્સ રેગ્યુલેશન, લાયકાતના ધારા ધોરણો તથા આનુષંગીક બાબતો નક્કી કરવા અંગે નિયુક્ત સમિતિની સભા તા.૦૬/૧૨/૨૦૨૩, ૨૮/૧૨/૨૦૨૩ તથા ૧૩/૦૧/૨૦૨૪ ના રોજ વહીવટી ભવન ખાતે મળેલ હતી જેમાં સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવેલ કાર્યવાહી,જાહેરાત તથા આનુષંગીક બાબતો **સંદર્ભે સમિતિના અહેવાલનો સ્વીકાર કરી ભરતીની આગળની કાર્યવાહી સત્વરે કરવી.**

૧૪૭. સિન્ડિકેટની તા. ૧૮/૧૦/૨૦૨૩ નાં ઠરાવ ક્રમાંક:૩૭ અનુસાર શૈ.વ. ૨૦૨૨-૨૩ નાં એમ.એ. અર્થશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ પાસેથી સેમેસ્ટર દીઠ રૂ. ૭૫૦/- Computer Laboratory Fees લેખે લેવાનું ઠરાવવામાં આવેલ છે. શૈ.વ. ૨૦૨૩-૨૪થીપી.એચડી. નાં વિદ્યાર્થીઓ પાસેથી પણસેમેસ્ટર દીઠ રૂ. ૭૫૦/- Computer Laboratory Feesલેવાની મંજૂરી આપવા તથા પ્રસ્તુત ફી ને અર્થશાસ્ત્ર વિભાગના Departmental Developmental Fund, Dep. of Economics, VNSGUJ. (Account No.: 443402010004012) ખાતે જમા લેવા અંગે વિચારણા કરવા બાબત.

(અર્થશાસ્ત્ર વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૧૮/૧૦/૨૦૨૩ નાં ઠરાવ ક્રમાંક:૩૭ અનુસાર શૈ.વ. ૨૦૨૨-૨૩ નાં એમ.એ. અર્થશાસ્ત્રનાં વિદ્યાર્થીઓ પાસેથી સેમેસ્ટર દીઠ રૂ. ૭૫૦/-** Computer Laboratory Fees **લેખે લેવાનું ઠરાવવામાં આવેલ છે. શૈ.વ. ૨૦૨૩-૨૪થીપી.એચડી. નાં વિદ્યાર્થીઓ પાસેથી પણસેમેસ્ટર દીઠ રૂ. ૭૫૦/-** Computer Laboratory Fees**લેવાની મંજૂરી આપવા તથા પ્રસ્તુત ફી ને અર્થશાસ્ત્ર વિભાગના** Departmental Developmental Fund, Dep. of Economics, VNSGUJ. (Account No.: 443402010004012) **ખાતે જમા લેવા મંજૂરી આપવી.**

૧૪૮. વીર નર્મદ દક્ષિણગુજરાત યુનિવર્સિટીનાં ડીપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.ની કોમ્પ્યુટર લેબોરેટરી માટે વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ માં ખરીદવામાંઆવેલ Apple કોમ્પ્યુટરોને બાયબેકમાંઆપીને નવા ૨૦ Apple કોમ્પ્યુટરો રૂ. ૨૫,૦૦,૦૦૦/- ની મયાર્દામાંખરીદવાનુંતા. ૧૫/૧૨/૨૦૨૩ નાંરોજની વિભાગની EC કમિટીની મિટિંગની કાર્યવાહીનાંમુદ્દા નં. ૩ માંઠરાવવામાંઆવેલ છે. સદરAppleકોમ્પ્યુટરો GeMઉપર ઉપલબ્ધ ન હોય સદર ખરીદીની પ્રક્રિયા યુનિવર્સિટીનાંપરચેઝ વિભાગપાસેથી ટેન્ડર પ્રક્રિયાથી કરાવી ખરીદવા મંજુરી આપવાબાબત. વધુમાંતા. ૩/૧/૨૦૨૪ ની નાણાં સમિતિનાંસભાની બાબતક્રમાંક ૧૨.૩ મુજબસદરબાબત અંગે સિન્ડીકેટને યોગ્ય વિચારણા અને નિર્ણય અર્થેરજુકરવાઠરાવવામાંઆવેલ હોય માટે સદરબાબતને સિન્ડીકેટનાંસ્થાને યુનિવર્સિટીનાંEC કમિટીમાં મંજુરકરાવવાબાબત.

વર્ષ ૨૦૨૩ - ૨૦૨૪ નાંબજેટની જોગવાઈદર્શાવતુંપત્રક.

No.	Budget Head	Alloted Amount	Spent Amount	Remaing Amount
1	Laboratory Expense	45,00,000.00	23,56,212.58	21,43,787.42

વર્ષ ૨૦૨૪ - ૨૦૨૫ નાંબજેટની જોગવાઈદર્શાવતુંપત્રક.

No.	Budget Head	Alloted Amount	Spent Amount	Remaing Amount
1	Laboratory Expense	50,00,000/-	0/-	50,00,000/-

સદર ખર્ચ એમ.એસસી (આઈ.ટી) પ્રોગ્રામ ફંડમાંથી કરવામાંઆવશે.

બિડાણ :- ૧) એમ.એસસી (આઈ.ટી) પ્રોગ્રામની તા. ૨૬/૧૨/૨૦૨૩ નાંરોજની મંજુરી.
૨)તા. ૩/૧/૨૦૨૪ ની નાણાં સમિતિનાંસભાની બાબતનોઠરાવક્રમાંક ૧૨.૩.

(એમ.એસસી. આઈ. ટી. વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને મંજૂરી આપવી.

૧૪૯. યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગનાં વડાશ્રીનાં પત્રાંકઃ બાયોસાયન્સીસ/૨૬૮/૨૦૨૪, તા.૨૭/૦૧/ ૨૦૨૪ ના પત્રથી બાયોસાયન્સીસ વિભાગમાં રહેલા Sophisticated Instruments જેવા કે GCMS, HPLC,RT-PCR,NGS વગેરે સંસાધનો વિભાગનાં રિસર્ચ સ્ટુડન્ટ અને Payment Basis ઉપર બહારથી આવતા Samplesમાટે પણ વારંવાર ઉપયોગમાં લેવાતા હોવાથી ૦૧(એક) ટેકનીકલ આસિસ્ટન્ટ અથવા Instrumentsના અનુભવી અને જાણકાર વ્યકિતનીતાત્કાલિક જરૂરીયાત હોય જેથી પ્રસ્તુત ખાલી જગ્યા માટે બાયોસાયન્સ વિભાગદ્વારા તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ Executive Committee Meeting માં ટેકનીકલ આસિસ્ટન્ટને પ્રતિ માસ રૂા.૨૫,૦૦૦/– ચુકવવા મંજુર કરેલ છે.જેની શૈક્ષણિક લાયકાત M.Sc., Ph.D. અથવા B.E.Electricalઅથવા B.E. Instrumentationથયેલ હોવો જોઈએ.તેમજ સદર જગ્યા પર નિમણુંક ૧૧ માસ કરાર આધારિત તરીકે કરવી અને મહેનતાણું બાયોસાયન્સીસ વિભાગનાં એમ.એસસી.માઈક્રોબાયોલોજી સ્વનિર્ભર ફંડમાંથી કરવા અંગે કરેલ વિનંતી પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધઃસદરહું,ઉપરોકત બાબતે યુનિવર્સિટી કાર્યાલય દ્વારા ક્રમાંકઃ જન/જાહેરાત/૨૪૧૯/૨૦૨૪,
તા.૩૦/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં ઉપરોકત પ્રકારની જગ્યાની જાહેરાતનો સમાવેશ કરવામાં આવેલ નથી જે આપશ્રીની જાણ સારું.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી બાયોસાયન્સ વિભાગનાં વડાશ્રીનાં પત્રાંકઃ બાયોસાયન્સીસ/૨૬૮/૨૦૨૪, તા.૨૭/૦૧/૨૦૨૪ ના પત્રથી બાયોસાયન્સીસ વિભાગમાં રહેલા Sophisticated Instruments જેવા કે GCMS, HPLC,RT-PCR,NGS વગેરે સંસાધનો વિભાગનાં રિસર્ચ સ્ટુડન્ટ અને Payment Basis ઉપર બહારથી આવતા Samplesમાટે પણ વારંવાર ઉપયોગમાં લેવાતા હોવાથી ૦૧(એક) ટેકનીકલ આસિસ્ટન્ટ અથવા Instrumentsના અનુભવી અને જાણકાર વ્યકિતનીતાત્કાલિક જરૂરીયાત હોય જેથી પ્રસ્તુત ખાલી જગ્યા માટે બાયોસાયન્સ વિભાગદ્વારા તા.૦૨/૧૧/૨૦૨૩ ના રોજ Executive Committee Meeting માં ટેકનીકલ આસિસ્ટન્ટને પ્રતિ માસ રૂા.૨૫,૦૦૦/– ચુકવવા મંજુર કરેલ છે.જેની શૈક્ષણિક લાયકાત M.Sc., Ph.D. અથવા B.E.Electricalઅથવા B.E. Instrumentationથયેલ હોવો જોઈએ.તેમજ સદર જગ્યા પર નિમણુંક ૧૧ માસ કરાર આધારિતતરીકે કરવી અને મહેનતાણું બાયોસાયન્સીસ વિભાગનાં એમ.એસસી.માઈક્રોબાયોલોજી સ્વનિર્ભર ફંડમાંથી કરવા અંગે કરેલ વિનંતી સંદર્ભેલાયકાતના વિષય બાબતે બાયોસાયન્સીસ વિભાગના વડા પાસે સ્પષ્ટતા મંગાવી આગળની કાર્યવાહી કરવી.

૧૫૦. યુનિવર્સિટીના યુ.જી.સી. સેલ દ્વારા આઈ.પી.આર/યુ.જી.સી./૮૨૮૨/૨૦૨૧, તા.૧૬/૦૬/૨૦૨૧ થી Minor/ Major Research Project Proposalsનિયત કરેલ નમુના મુજબ મંગાવવામાં આવેલ છે. જે અંતર્ગત સાયન્સ ફેકલ્ટીના રસાયણશાસ્ત્ર વિષયના મંજુર થયેલ રિસર્ચ પ્રોજેક્ટનું હાલ સુધીનું કાર્યને મૂલ્યાંકન કરવા માટે તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વહીવટી ભવનના IQACરૂમમાં કમિટી સભ્યોશ્રીની મિટિંગ રાખવામાં આવેલ હતી. જેમાં પ્રોજેક્ટ પ્રપોઝલ પર ચર્ચા-વિચારણાને અંતે મૂલ્યાંકન તજજ્ઞો દ્વારા નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. (આ સાથે સામેલ છે.)

- હાલમાં અનુસ્નાતક વિભાગના UGC-SAPના ખાતામાં પ્રોજેક્ટની રકમ જમા થયેલ છે. જેને કારણ કામ શરુ કરી શકાયું નથી, જેથી તાત્કાલિક ધોરણે UGC-SAPખાતામાં જમા થયેલ પ્રોજેક્ટની રકમ અનુસ્નાતક વિભાગના હાયર પેમેન્ટ ખાતામાં ટ્રાન્સફર કરવા મંજુરી આપવા યોગ્યતા આદેશાર્થે.
- વધુમાં, હાયર પેમેન્ટ ખાતામાં રકમ ટ્રાન્સફર થયા બાદનો પ્રોજેક્ટનો સમયગાળો ગણવા વિનંતી.
- વધુમાં, બાકીના જેના પ્રોજેક્ટની રકમ UGC-SAPમાં જમા થયેલ છે. જેમના પણ પ્રોજેક્ટની રકમ હાયર પેમેન્ટના ખાતામાં જમા કરી આપવા જેથી કરીને રિસર્ચ કામ શરુ કરી શકાય.

જે અંતર્ગત ઉપરોક્તજણાવેલ મુદ્દા પર વિચારણા કરવા બાબત.

વધુમાં, મૂલ્યાંકન સમિતિનો તા.૦૮/૧૨/૨૦૨૩ના રોજનો ઠરાવ યુ.જી.સી. સેલની તા.૨૧/૧૨/૨૦૨૩ ની કાર્યાલય નોંધ પર સિન્ડીકેટને ભલામણ કરવા જણાવેલહતું.પરંતુ સિન્ડીકેટના તા.૨૩/૦૧/૨૦૨૪, જાહેનામું ક્રમાંક: એસ/સિન્ડીકેટ/જાહેનામું/૧૯૨૦-૧/૨૦૨૪ થી સિન્ડીકેટનો અંત આવેલ છે.

(યુ.જી.સી. વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે સમિતિનો અહેવાલ સ્વીકારી તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૫૧. યુનિવર્સિટીના રીસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ સેલ અંતર્ગત તમામ કમિટી સભ્યોશ્રીની તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ બપોરે ૦૪:૦૦ કલાકે નવા વહીવટી ભવનના સેનેટ-સિન્ડીકેટ સભાખંડમાં સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સભામાં જે મુદ્દે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જે અંતર્ગત મુદ્દા નં. ૪ ઈન્ટરનેશનલ/નેશનલ કોન્ફરન્સ, સેમીનાર અથવા વર્કશોપ (ભારત દેશના ગુજરાત તથા અન્ય રાજ્યમાં અને વિદેશ)માં ભાગ લેવા કાયમી શૈક્ષણિક કર્મચારીઓ માટે ટ્રાવેલિંગ ફંડ અંગે ચર્ચા કરવામાં આવી તેમજ તેને સ્વીકારવાનો ઠરાવ કરવામાં આવ્યો. ઉપરાંત સદર કાર્યવાહી એકેડેમિક કાઉન્સીલની તા.૦૭/૧૦/૨૦૨૩ બાબત ઠરાવ ક્રમાંક: (૨૩) મુજબ રીસર્ચ એન્ડ ડેવેલોપમેન્ટ સેલની તા.૦૩/૦૮/૨૦૨૩ની કાર્યવાહીનો યથાવત સ્વીકારી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવામાં આવેલ છે. આ ટ્રાવેલિંગ ફંડ માટે રજુઆત કરેલ પોલીસી આ સાથે સામેલ છે અને યુનિવર્સિટીના સેન્ટ્રલ ડેવેલોપમેન્ટ ફંડ (CDF) (૨૦૨૩-૨૪)ના બજેટના ૬૧માં હેડ હેઠળ રૂપિયા ૫૦ લાખની જોગવાઈ કરેલ છે. જે અંતર્ગત ટ્રાવેલિંગ ફંડ પોલીસી હેઠળ રૂપિયા ૩૦ લાખ ફંડની ફાળવણી કરવા માટે વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી. વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **સદર બાબતે સમિતિનો અહેવાલ સ્વીકારી તદ્અનુસાર આગળની ઘટતી કાર્યવાહી કરવી તથા સમિતિના ઠરાવ્યાનુસાર યુનિવર્સિટીના સી.ડી.એફ માંથી વર્ષ : ૨૦૨૩–૨૪ના બજેટના ૬૧ ના હેડ હેઠળ રૂપિયા પચાસ લાખની જોગવાઈકરેલ છે તે અંતર્ગત ટ્રાવેલીંગ ફંડ પોલીસી હેઠળ રૂપિાય ત્રીસ લાખ ફંડની ફાળવણી કરવી અને નાણાંકીય વર્ષ : ૨૦૨૪–૨૫ માં પણ ટ્રાવેલીંગ ફંડ પોલીસી હેઠળ રૂપિયા પચાસ લાખની અંદાજપત્રીય જોગવાઈ કરવી અને હિસાબી વિભાગે ઘટતી કાર્યવાહી કરવી.**

૧૫૨. યુનિવર્સિટીના યુ.જી.સી. સેલના ક્રમાંક:Admin/UGC/016048/2023અને Admin/UGC/ 026054/2023ના પરિપત્ર દ્વારા ૨,૦૦,૦૦૦ રૂપિયાની મર્યાદામાં યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના વિવિધ વિભાગો તથાયુનિવર્સિટી સંલગ્ન કોલેજના શૈક્ષણિક કર્મચારીઓ, પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર, કરારઆધારિત શૈક્ષણિક કર્મચારીઓ, મુલાકાતી પ્રાધ્યાપકો તથાઅનુસ્નાતક વિભાગો તથા કોલેજોમાં અભ્યાસ કરતા તમામ વિધાર્થીઓ, પી.એચ.ડી. રીસર્ચ સ્કોલર પાસેથી Research Project Proposal મંગાવવામાં આવીહતી. જે પ્રોજેક્ટ પ્રપોઝલ માટે અલગ અલગ તારીખોમાં મીટીંગ રાખવામાં આવેલહતી. જેમાં તજજ્ઞો દ્વારા મુલ્યાંકન કરી નીચેજણાવેલ રિસર્ચ પ્રોજેક્ટ પ્રપોઝલ સ્વીકારવામાં આવેલ છે.જે બાબત ચર્ચા વિચારણા/મંજૂરીઅર્થે.

Faculty	**Approved Project**	**Amount of Research Project Grant in Faculty**
Science	102	₹ 1,76,00,165.00
Arts	26	₹ 45,54,120.00
Computer Science	02	₹ 2,50,000.00
Rural Studies	01	₹ 1,80,000.00
Management	05	₹ 7,74,350.00
Education	01	₹ 1,65,000.00
Law	02	₹ 3,75,000.00
Commerce	09	₹ 6,57,000.00
Medicine	04	₹ 40,000.00
Total Amount of Research Project		**₹ 2,45,95,635.00**

(યુ.જી.સી. વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.

૧૫૩. યુનિવર્સિટી પરિસરના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ૧૧ માસ કરાર આધારિત પ્રોગ્રામર તરીકે કાર્યરત શ્રી મયંક પટેલનો તા.૧૬/૦૨/૨૦૨૪ નો પત્ર અવલોકનમાં લેવા વિનંતી.

તેમના પત્રમાં જણાવ્યાનુસાર, તેઓ યુનિવર્સિટીના તા.૧૭/૦૪/૨૦૨૩ ના પત્રાંકઃ જન/સી/એ/ડી–૨૮/૮૯૩૯/૨૦૨૩ થી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ કરાર આધારિત(હોદ્દો) પ્રોગ્રામર તરીકે કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ફરજ બજાવે છે. કોમ્પ્યુટર સાયન્સ વિભાગની કુલ ૪ કોમ્પ્યુટર લેબની (૧૮૦ જેટલા કોમ્પ્યુટરોની) તથા સર્વર રૂમની તમામ પ્રકારની કામગીરી તેઓ સંભાળે છે. અત્યારે તેઓને પ્રતિમાસ રૂા.૨૦,૦૦૦/– ફીકસ મહેનતાણું મળે છે. તેઓ યુનિવર્સિટીમાં સને ૨૦૧૩ થી નિષ્ઠાપૂર્વક ફરજ ફરજ બજાવે છે અને તેઓ તેમના હોદ્દાને સમકક્ષ લાયકાત પણ ધરાવે છે.અત્યારે યુનિવર્સિટીના અન્યવિભાગમાં તેઓના સમકક્ષ લાયકાત ધરાવતા ૧૧ માસ કરાર આધારિત પ્રોગ્રામરના હોદ્દા ઉપર ફરજ બજાવતા કર્મચારીઓને પ્રતિમાસ રૂા.૩૨,૦૦૦/– ફીકસ મહેનતાણું મળે છે જે બાબતે તેઓના પગારની વિસંગતતા દુર કરી યુનિવર્સિટીએ ૧૧ માસ કરાર આધારિત(હોદ્દો) પ્રોગ્રામર માટે નિયતકરેલ રૂા.૩૨,૦૦૦/– ફીકસ મહેનતાણું તેઓનું પણ કરવામાં આવે તેવી નમ્ર વિનંતી કરેલ છે. જે પત્ર આ સાથે સામેલ છે.

ઉપરોકત બાબત ધ્યાનમાં લઈ તે અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ જાહેરાત ક્રમાંકઃજન/જાહેરાત/૨૪૧૯/૨૦૨૪,તા.૩૦/૦૧/૨૦૨૪ થી આપવામાં આવેલ ૧૧ માસ કરાર આધારિત કર્મચારીની ભરતી અંગેની જાહેરાતમાં દર્શાવેલ લાયકાત ધોરણ મુજબ પ્રોગ્રામર (ERP)–પરીક્ષા વિભાગ(કોમ્પ્યુટર પુલ) માટે ૩ વર્ષના અનુભવ માટેનો પગાર ધોરણ ૩૨,૦૦૦ નકકી કરેલ છે અને પ્રોગ્રામરની પોસ્ટ માટે ૨૦,૦૦૦ પગાર નકકી કરેલ છે. જે જાણ સારું.

(વહીવટી વિભાગ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવે છે.

૧૫૪. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં પ્રોફેસર એન્ડ હેડ તરીકે ફરજ બજાવતા ડૉ. અપૂર્વ એ. દેસાઈનો તા.૦૩/૦૨/૨૦૨૪ નો પત્રાંકઃકોમ્પ્યુટર સાયન્સ/૭૮૫/૨૦૨૪ના પત્ર અંતર્ગત કાર્યાલયની તા.૧૩/૦૨/૨૦૨૪ની નોંધ ૫૨ મળેલ મા.કુલપતિશ્રીના આદેશાનુસાર ડૉ. ઉત્કર્ષ એન. કાપડીયાને ગ્રેજયુઈટીની ચુકવણી સંદર્ભમાં તમામ પ્રકારના યુનિવર્સિટી અને રાજય સરકારના ઠરાવો આ સાથે સામેલ છે. જે નીચે મુજબ છે

(૧) ગુજરાત રાજયના નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃનપન–૨૦૦૩–જીઓઆઈ–૧૦–પી, તા.૨૪/૧૦/૨૦૧૭ મુજબ NPS હેઠળના કર્મચારી/અધિકારીઓને ગ્રેજયુઈટીના લાભ અંગેના સદર ઠરાવના પેરા–(૪) માં દર્શાવેલ છે કે, આ ઠરાવનો લાભ રાજીનામું આપીને સરકારી સેવામાંથી છુટા થયેલ/થનાર તેમજ શિક્ષાના ભાગરૂપે ફરજીયાત નિવૃત્ત, રૂખસદ કે બરતરફ કરેલ કે કરવામાં આવે તેવા કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર થશે નહી.

(૨) Ordinance-69 (A)(22)માં નીચે મુજબ ઉલ્લેખ છે.

(22) GRATUITY:

1. No confirmed teacher will be entitled to claim gratuity unless he /she has put in not less than seven years continuous service in the an institution under the any University in state established by the act of either State or Central Government.

2. A confirmed teacher will be entitled to be paid gratuity by the Management in the following cases only:

(i) On retirement on attaining the age of superannuation.

(ii) On death, while in service in the college institution. This amount of gratuity will be paid to his/her nominees; if there are no nominees, to his/her legal heirs.

(iii) On his/her compulsory retirement from service on account of acquiring permanent incapacity for discharging duty due to physical injury or mental infirmity.

(iv) On his /her ceasing to be in service of the college or institution on account of resignation or termination of service under clause (8) of this Ordinance.

3. The amount of Gratuity will be based on the monthly salary including Dearness Allowance and/or Additional Dearness Allowances and Interim Relief that may be admissible as salary by the Government of Gujarat for the purpose of determining the pension to its employees from time to time. Such average monthly pay will be the average of pay drawn during the twelve months preceding the day of retirement, death acquisition of infirmity or resignation, as the case may be. The above amendment comes into force with effect from 1-4-1977.

4. The amount of gratuity will be paid on the following basis:

(a) At the rate of ½ month's basic pay for every completed year of service on completion of 7 year of service;

(b) At the rate of ½ month's basic pay for every completed year of service on completion of 12 Year service;

(c) At the rate of one month's basic pay for every complete year of service on completion of 15 year's service;

(૩) સિન્ડિકેટ સભાના તા.૦૭/૧૧/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક (૫૫)થી "સ્વનિર્ભરવિભાગોમાં કાર્યરત તથા નિયમાનુસાર ઈ.પી.એફ., ગ્રેજ્યુઈટી અને અન્ય તમામ કાયદા મુજબના લાભો મેળવવાપાત્ર તમામ કર્મચારીઓ માટે જે તે વિભાગે પોતાના ફંડમાંથી અલગ ફંડ બનાવવાનું રહેશે તથા જયારે પણ કર્મચારી નોકરી છોડી જાય અથવા તો નિવૃત્ત થાય ત્યારે મળવાપાત્ર તમામ લાભ જે તે વિભાગે સદર ફંડમાંથી ચૂકવવાનું રહેશે." એમ ઠરાવેલ છે.

(૪) હિસાબી વિભાગના તા.૩૦/૧૧/૨૦૨૩ના પરિપત્ર ક્રમાંકઃહિસાબી/સ્વનિર્ભર/ ૨૯૮૨૧/ ૨૦૨૩ અંતર્ગત સ્વનિર્ભરવિભાગોમાં કાર્યરત તથા નિયમાનુસાર ઈ.પી.એફ., ગ્રેજ્યુઈટી અને અન્ય તમામ કાયદા મુજબના લાભો મેળવવા પાત્ર તમામ કર્મચારીઓ માટે જે તે વિભાગે પોતાના ફંડમાંથી અલગ ફંડ બનાવવાનું રહેશે તથા જયારે પણ કર્મચારી નોકરી છોડી જાય અથવા તો નિવૃત્ત થાય ત્યારે મળવાપાત્ર તમામ લાભ જે તે વિભાગે સદર ફંડમાંથી ચૂકવવાનું રહેશે.

નોંધઃ વધુમાં, ડૉ.ઉત્કર્ષ એન. કાપડીયાએ ગ્રેજયુઈટીની રકમની ચુકવણી અંગે નાયબ શ્રમ આયુક્તની કચેરી, નાનપુરા ખાતે અરજી કરેલ હોય તે અન્વયે તા.૨૬/૦૨/૨૦૨૪ના રોજ ૧૨:૩૦ કલાકે સદર કચેરીએ હાજર રહેવા જણાવેલ હોય પરંતુ આદેશાનુસાર અત્રેની યુનિવર્સિટીમાં ૫૫મો વાર્ષિક પદવીદાન સમારંભ હોય અન્ય તારીખ સુચવવા વિનંતી કરવામાં આવેલ છે. જે જાણ સારું.

ઉપરોકત તમામ હકીકત અવલોકનમાં લઈ ડૉ.ઉત્કર્ષ એન. કાપડીયાની ગ્રેજયુઈટીની રકમની ચુકવણી અંતર્ગત કયા ઠરાવ/પરિપત્રને આધિન કઈ કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે લીગલ ઓપીનીયન મેળવવો અને નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

૧૫૫. યુનિવર્સિટી પરિસરના હિસાબીવિભાગનો પત્રાંકઃ હિસાબી/4447/2024, તા.:27/02/2024 નો પત્ર અવલોકનમાં લેવા વિનંતી.કાર્યાલયનાં પત્રાંક (1) જન/એસ્ટા/220/2024,તા.:02/01/2024અને (2)જન/એસ્ટા/3562/2024, તા.:14/02/2024 થી હિસાબીવિભાગ પાસે સમાજશાસ્ત્રકલાક આધારિત વહીવટી સહાયક તરીકે છેલ્લા બે વર્ષથી સેવા બજાવી રહેલ બીજેન એમ. પટેલને વહીવટી અનુકૂળતાને ધ્યાને રાખી સમાજશાસ્ત્રવિભાગમાંથીપ્રોગ્રામમાં નિમણૂક આપી તેમનો પગાર એમ.એસ.ડબલ્યુ (એસ.એફ) ફંડમાંથી આકારવા અંગે વિનંતી કરેલ છે.

ઉપરોકત બાબત ધ્યાનમાં લઈ તે અંગે આગળની ઘટતી કાર્યવાહી કરવા અંગેવિચારણા કરવા બાબત.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૧૫૬. KCGના તા.૨૬/૦૭/૨૦૨૩ ના પત્રથી પ્રસિધ્ધ કરેલ SOP અનુસાર Internship/ Apprenticeship/ On Job Training બાબતે પોલીસી તૈયાર કરવા અંગે મલ્ટિડિસિપ્લિનરી રેગ્યુલેટરી કમિટિ (MRC)ની તા. ૨૭/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : ૦૫ સંદર્ભે એકેડેમિકકાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮૭ અંતર્ગત નિયુકત સમિતિની તા. ૧૬/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહી એકેડેમિકકાઉન્સિલની તા.૧૮/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૪થી મંજૂર કરવામાં આવેલ છે. જેની નોંધ લેવા બાબત.

(સેનેટ/ સિન્ડિકેટ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, KCG ના તા.૨૬/૦૭/૨૦૨૩ ના પત્રથી પ્રસિધ્ધ કરેલ SOP અનુસાર Internship/ Apprenticeship/ On Job Training બાબતે પોલીસી તૈયાર કરવા અંગે મલ્ટિડિસિપ્લિનરી રેગ્યુલેટરી કમિટિ (MRC)ની તા. ૨૭/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક : ૦૫ સંદર્ભે એકેડેમિકકાઉન્સિલની તા.૦૭/૦૮/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૮૭ અંતર્ગત નિયુકત સમિતિની તા. ૧૬/૧૨/૨૦૨૩ની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૨/૨૦૨૩ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૧૪થી મંજૂર કરવામાં આવેલ છે. જેની નોંધ લેવામાં આવે છે.**

૧૫૭. યુનિવર્સિટીના ડિપાર્ટમેંટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેલ્ફ ફાઇનાન્સ પ્રોગ્રામમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ગાર્ગી ભરતકુમાર શાહના તા.23/01/2024 ના પત્રથી તેઓને તા.31/01/2024 ના રોજ કાર્યાલય સમયબાદ ફરજમુકત કરવા અને એક માસનો નોટિસ પે માફ કરવા કરેલ વિનંતી અન્વયે કાર્યાલય દ્વારા તા.27/02/2024 ના રોજ ફરજ મુક્ત કરવા બહાર પાડવામાં આવેલ કાર્યાલય આદેશ રદ કરવા, તેઓને તા.31/01/2024 ના રોજ કાર્યાલય સમયબાદ ફરજમુકત કરવા તથા ઓર્ડિનન્સ 0.69 Aઅનુસાર ભરવાનો થતો એક માસનો નોટિસ પે માફ કરવા અંગે મા.કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાંની નોંધ લેવા બાબત...

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,યુનિવર્સિટીના ડિપાર્ટમેંટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેલ્ફ ફાઇનાન્સ પ્રોગ્રામમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ગાર્ગી ભરતકુમાર શાહના તા.23/01/2024 ના પત્રથી તેઓને તા.31/01/2024 ના રોજ કાર્યાલય સમયબાદ ફરજમુકત કરવા અને એક માસનો નોટિસ પે માફ કરવા કરેલ વિનંતી અન્વયે કાર્યાલય દ્વારા તા.27/02/2024 ના રોજ ફરજ મુક્ત કરવા બહાર પાડવામાં આવેલ કાર્યાલય આદેશ રદ કરવા, તેઓને તા.31/01/2024 ના રોજ કાર્યાલય સમયબાદ ફરજમુકત કરવા તથા ઓર્ડિનન્સ 0.69 Aઅનુસાર ભરવાનો થતો એક માસનો નોટિસ પે માફ કરવા અંગે મા.કુલપતિશ્રી દ્વારા લીધેલ પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૫૮. યુનિવર્સિટી કાર્યાલયનાં પ્રોફેસર અને ઓ.અસ.ડીશ્રીનાં પત્રાંકઃએસ્ટેટ/૩૦૬૪, તા.૦૭/૦૨/ ૨૦૨૪ ના સુધારેલા પત્રમાં જણાવ્યાનુસાર તેમના વિભાગમાં ૧૧ માસ માટે તદ્દન હંગામી/કરારઆધારિત ધોરણે કર્મચારીઓની લાયકાત અને મહેનતાણાં સાથે નિમણુંક આપવા વિનંતી કરેલ છે જે જગ્યાઓ નીચે મુજબ છે.

ક્રમ	હોદ્દો	શૈક્ષણિક લાયકાત	પ્રસ્તાવિત મહેનતાણું (પ્રતિ માસ)
૧	કડીયો	કડિયા કામનો અનુભવ –૦૩ વર્ષનો	૧૮,૮૦૦/-
૨	વાયરમેન	આઈ.ટી.આઈ.(ઈલેકિટ્રક/વાયરમેન) ૦૨ વર્ષનો અનુભવ	૨૧,૮૦૦/-
૩	વેલ્ડર	આઈ.ટી.આઈ. અથવા સર્ટિફિકેટ કોર્ષ (વેલ્ડર ઈલેકિટ્રક મીનટીક, એસએસ, ગેસ) અને ૦૨ વર્ષનો અનુભવ	૧૮,૮૦૦/-
૪	સુથાર	આઈ.ટી.આઈ.(કારપેન્ટર) અથવા ૦૨ વર્ષનો અનુભવ	૧૮,૮૦૦/-
૫	ડ્રાઈવર	આઈ.ટી.આઈ.	૧૮,૮૦૦/-
૬	માળી	માળીના કામનો ૦૩ વર્ષનો અનુભવ	૧૬,૮૦૦/-
૭	હેલ્પર	–	૧૬,૮૦૦/-
૮	પ્લમ્બર	આઈ.ટી.આઈ.–૦૨ વર્ષનો અનુભવ	૨૧,૮૦૦/-

ઉપરોકત બાબત અવલોકનમાં લઈ જાહેરાત આપવા અંગે મા.કુલપતિશ્રીએ લીધેલ પગલાંની જાણ થવા સારું.

(વહીવટી વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવામાં આવે છે.**

૧૫૯. વીર નર્મદ દક્ષિણગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે શૂટિંગ રેંજ નથી જેનાકારણે વિશ્વવિદ્યાલયના સિલેક્શનની પ્રક્રિયા તેમજ કોચિંગ માટે ઘણી તકલીફ પડે છે. વિદ્યાર્થીઓને બરાબર કોચિંગ આપી શકતી નથી. આ વર્ષે ખેલો ઈન્ડિયામાં આપણી વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીએ આખા ભારતભરમાં સાતમાં ક્રમાંકે આવી વિશ્વવિદ્યાલયનું નામ રોશન કરેલ છે. જો વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓને વિશ્વવિદ્યાલય ખાતે શૂટિંગ રેન્જની સુવિધા મળે તો સદર વિદ્યાર્થીઓ સારામાં સારું પ્રદર્શન કરી વિશ્વવિદ્યાલયનું નામ ખૂબ આગળ લઈ જઈ શકે તેમ છે તેમજ શૂટિંગ રેન્જની સુવિધા હોવાથી વિશ્વવિદ્યાલયની સિલેક્શનની પ્રક્રિયા તેમજ કોચિંગ પણ આપી શકાય તેમ છે. જેથી આપણી વિશ્વવિદ્યાલયમાં આવેલ જિમના પાછળ આવેલ ગોડાઉનમાં સારી જગ્યા હોવાથી સદર જગ્યાએ ૧૦ મીટર રેન્જ સાથે બીજા એરિયામાં ૨૫ મીટર રેન્જ કવરઅપ કરવાના હેતુથી શૂટિંગ રેન્જ બનાવવા અંગે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં વિચારણા કરવા વિનંતી. સદર શૂટિંગ રેન્જ બનાવવા માટે અંદાજિત સાત લાખનો ખર્ચ આવે તેમ છે.

(યુ. ક. અને શા. શિ.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને Sports Facilities બજેટ હેડ હેઠળ મંજૂર કરી તદ્અનુસાર નિયમાનુસારની આગળની ઘટતી કાર્યવાહી કરવી.**

૧૬૦. યુનિવર્સિટી કેમ્પસ ખાતે EKA CONSULTANTS દ્વારા યુનિવર્સિટીની માન્ય PMC ની પેનલમાં સામેલ થવા માટે તા.:૨૯/૦૧/૨૦૨૪ના રોજ પત્ર દ્વારા અરજી કરેલ હતી. સદર EKA CONSULTANTS ની અરજીને યુનિવર્સિટીના બાંધકામને લગતા મુદ્દાઓની ચર્ચા માટે માન.કુલપતિશ્રી દ્વારારચિત સમિતિનીતા.:૧૬/૦૨/૨૦૨૪ના રોજની સભા સમક્ષ અધ્યક્ષ સ્થાનેથી વિચારણા અર્થે રજુ કરવામાં આવેલ હતી જેમાં ઠરાવ ક્રમાંકઃ ૩૮ થી EKA CONSULTANTS કે જેના પાર્ટનર એન્જીનીયરશ્રી વિમલભાઈ શાહ તથા એન્જીનીયર શ્રીમતિ કવિતાબેન ચોકસી છે તેમને યુનિવર્સિટીની માન્ય PMC ની પેનલમાં સામેલ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

સદર ઉપરોકત EKA CONSULTANTS ને યુનિવર્સિટીની માન્યPMC ની પેનલમાં સામેલ કરવા આપવામાં આવેલ મંજુરીને જાણ અર્થે બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા સમક્ષ રજુ કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૧૬૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગોની અગત્યની અરજન્ટ ટપાલો કુરિયર/એક્ષપ્રેસ મારફતે મોકલવા અંગેનો વાર્ષિક રેટકોન્ટ્રાક્ટ (ARC) અંતર્ગત કરવા રી-ટેન્ડર કરતાં ટેકનીકલબીડ ચકાસણી તા.૦૫/૦૨/૨૦૨૪ની સમિતિની ભલામણ મુજબ ૨(બે) પાર્ટીઓમાંથી ૧(એક) Eligible પાર્ટીમા ટે સમિતિની ભલામણ અને કાર્યાલયતા.૦૭/૦૨/૨૦૨૪ની નોંધ પર માનનીય કુલપતીશ્રીના મળેલ આદેશ મુજબતા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ પ્રાઈઝ બીડ ખોલવા મળેલ સમિતિ દ્વારા શ્રી નંદન કુરિયર લીમીટેડ ના રજુ કરેલ ભાવ અંતર્ગત ગત વખતની પાર્ટી અને હાલમાં ટેન્ડર ભરેલ પાર્ટીના ભાવોનું તુલનાત્મક પત્ર આ સાથે સામેલ છે. જેની તુલના ધ્યાને લેતા ગત વખતની પાર્ટી K.T.Enterprise નાં ઓર્ડર મુજબ મળેલ ભાવ કરતા હાલ કરેલ ટેન્ડરનીShree Nandan Courier Ltd. નાં ભાવ ઘણાં વધારે હોવાથી, ગત વખતની પાર્ટી K.T.Enterprise ને કાર્યાલયના ક્રમાંક: પરચેઝ એન્ડ સ્ટોર સેલ/૩૦૩૫૦/૨૦૨૩, તા.૦૬/૧૨/૨૦૨૩ થીકુરિયર સામાન્ય/એક્ષપ્રેસ મારફતે મોકલવા અંગે અન્ય ઓર્ડેર નાં થાય ત્યાં સુધી ઓર્ડર આપવામાં આવેલ છે. જે અવલોકનમાં લઇ ઓર્ડર પાઠવવા બાબતે વિચારણા કરવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ટેન્ડરીંગની પ્રક્રિયા કરવી અને ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલના ભાવે હાલની પાર્ટી પાસે કામગીરી કરાવવી.**

૧૬૨. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ગર્લ્સ-બોયઝ હોસ્ટેલ માટે વાર્ષિક ધોરણે મેસ ચલાવવા અંગે વાર્ષિક રેટકોન્ટ્રાક્ટ (ARC) કરવા ટેન્ડર કરતાં ટેકનીકલ બીડ ચકાસણી તા.૦૫/૦૨/૨૦૨૪ની સમિતિની ભલામણ મુજબ ૩(ત્રણ) પાર્ટીઓમાંથી ૨(બે) Eligible પાર્ટી માટે સમિતિની ભલામણ અને કાર્યાલય તા.૦૭/૦૨/૨૦૨૪ની નોંધ પર માનનીય કુલપતીશ્રીના મળેલ આદેશ મુજબ તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ પ્રાઈઝ બીડ ખોલવા મળેલ સમિતિ દ્વારા પાર્ટીઓએ રજુ કરેલ ભાવપત્રક (પ્રાઈઝબીડ) ખોલવામાં આવ્યા હતા. જે અંગે પાર્ટીઓએ રજુ કરેલ ભાવના યુનિટમાં સામ્યતા જણાતી નથી. જેથી સમિતિની ભલામણ મુજબ બંને પાર્ટીઓ પાસે યુનિટ અંગે જરૂરી સ્પષ્ટતા સહિત લેખિત માહિતી મેળવી ખુલાસો મંગાવતા રજુ કરેલ ભાવનું કાર્યાલય દ્વારા તૈયાર કરેલ તુલનાત્મક પત્રક આ સાથે સામેલ છે. જે અવલોકનમાં લઇ ઓર્ડર પાઠવવા અંગે વિચારણા કરવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ટેન્ડરીંગની પ્રક્રિયા કરવી અને ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલના ભાવે હાલની પાર્ટી પાસે કામગીરી કરાવવી.**

૧૬૩. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પરીક્ષાના પદવી પ્રમાણપત્રો છાપકામની કામગીરી અંગે Printography Systems (India)Pvt. Ltd. Mumbaiનો તા.૧૫/૦૨/૨૦૨૪ નાં પત્રથી પદવી પ્રમાણપત્રો છાપકામની કામગીરી કાર્યાલયના પત્રાંક No. Purchase& Store Cell/DC/15642/2022, Dt.20/07/2022 થી ૧(એક) વર્ષ માટે ઓર્ડર આપવામાં આવેલ હતો. ત્યાર બાદ સદર કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ જતા કાર્યાલયના પત્રાંક: પરચેઝ એન્ડ સ્ટોર/૧૮૧૧૯/૨૦૨૩, તા.૧૩/૦૭/૨૦૨૩ થી તા.૧૮/૦૧/૨૦૨૪ સુધી વધુ૬(છ) માસ માટે લંબાવવામાં આવેલ હતો.સદર પાર્ટી પાસે જુના ભાવના પેપરનો સ્ટોક હોવાથી, વિશ્વવિદ્યાલય ખાતે ટેન્ડરની શરત મુજબ આ કરારની મુદત બીજા ૬(છ)માસ માટે એટલે કે તા.૧૯/૦૭/૨૦૨૪ સુધી લંબાવી આપે તો તેઓ સિક્યુરીટી ફીચર્સ સહિત ડીગ્રી સર્ટીફીકેટ તથા કવર પ્રિન્ટીંગની કામગીરી અંગે ઓર્ડરમા દર્શાવેલ મુજબ ડીગ્રી સર્ટીફીકેટ રૂ|.૩૩.૩૦/- પ્રતિ નંગ તથા કવર રૂ|.૭.૦૦/- પ્રતિ નંગના ભાવે પ્રિન્ટીંગની કામગીરી કરવા તૈયાર હોવાથી, તેઓની વિનંતી અંતર્ગત માન.કુલપતિશ્રીના તા.૨૨/૦૨/૨૦૨૪ થી મળેલ આદેશ અનુસાર કાર્યાલયના પત્રાંક : પરચેઝ એન્ડ સ્ટોર સેલ/૪૩૮૫/૨૦૨૪/૨૦૨૪, તા.૨૬/૦૨/૨૦૨૪ થી શ્રી ભગીરથ પટેલ (એડવોકેટ) નો અભિપ્રાય મંગાવતા તેમનો તા.૨૮/૦૨/૨૦૨૪ પત્ર થી મળેલ અભિપ્રાય ધ્યાને લેતા વિદ્યાશાખાની પરીક્ષાના પદવી પ્રમાણપત્રો છાપકામની કામગીરી અંગે પ્રિન્ટોગ્રાફી સિસ્ટમ ઇન્ડિયાપ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ દ્વારા ડીગ્રી સર્ટીફીકેટ રૂ|.૩૩.૩૦/- પ્રતિ નંગ તથા કવર રૂ|.૭.૦૦/- પ્રતિ નંગના ભાવે પ્રિન્ટીંગની કામગીરી કરવા તા.૧૯/૭/૨૦૨૪ સુધી ઓર્ડર લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(પરચેઝ સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ટેન્ડરની અને વર્કઓર્ડરની શરત મુજબ વર્કઓર્ડર જૂના ભાવે લંબાવવો.**

૧૬૪. વીર નર્મદ દક્ષિણ ગુજરાતયુનિવર્સિટી કેમ્પસ ખાતે આ સાથે સામેલ IAS/IPS સેન્ટરના પત્રકમાંક: IAS/IPSTrg.C./૫૫૯૧/૨૦૨૩ના રોજના પત્ર મુજબ IAS/IPS સેન્ટર ખાતે હાલ વિધાર્થીઓની સંખ્યા વધી રહી હોવાથી લાઇબ્રેરીમાં રીડીંગ માટે નવા ડેસ્ક બનાવવાના કામ માટે GeM પર ઉપલબ્ધતા ચકાસવા માટે જણાવવામાં આવેલ હતું પરંતુ સદર બાબત પરચેઝ સેલના પત્ર મુજબ GeM ઉપર ઉપલબ્ધ ન હોય તો સદર કામગીરી માટે બજારના ભાવે નીચે મુજબના અંદાજપત્રક પ્રમાણે વિવિધ પાર્ટીઓ પાસે ભાવપત્રક મંગાવવામાં આવેલ હતા, જેમાંથી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ04 પાર્ટીઓના ભાવપત્રક મળેલ છે. જેથી મળેલ ભાવપત્રક ખોલવા માટે તા.૧૪/૦૨/૨૦૨૪ ના રોજની કાર્યાલય નોંધ મુજબ તા. ૨૧/૦૨/૨૦૨૪ ના રોજ સક્ષમ અધિકારીઓ સમક્ષ ખોલવામાં આવ્યા હતા. જે અંતર્ગત નીચે મુજબ કુલ 04 (ચાર) પાર્ટીઓ પાસેથી ભાવ મળેલ છે.

ક્રમ	પાર્ટીઓના નામ	આવક તારીખ	આવક નંબર	ભાવ (Rs.)
1	JAMNADAS & SONS	13-02-2024	2288	2,98,480.00
2	SHIV BUILDCON	13-02-2024	2290	6,00,000.00
3	HARDIK V. DHORAJIA	13-02-2024	2291	5,97,080.00
4	SAI ENTERPRISE	13-02-2024	2321	2,93,920.00

ઉપરોક્ત તુલનાત્મક પત્રક ધ્યાને લેતાં**L1** પાર્ટીSAI ENTERPRISE, SURATનું ભાવપત્રક શરતોને આધીન સૌથી ઓછા ભાવનું એટલે કે Rs. 2,93,920/-ભાવપત્રક મળેલ છે. **જે અંગે યોગ્ય નિર્ણય લેવા માટે વિચારણા કરવા બાબત.**

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને આગામી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં રજૂ કરવી.**

૧૬૫. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે Project Managemnet Consultancyમાટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી Expression of Interestમંગાવવામાં આવેલ હતા જેમાં ૧૧ પાર્ટીઓના મળેલ Expression of Interestમાટેની સ્ક્રૂટીની સમિતિના રોપોર્ટને વિચારણા અર્થે તા.:.:૨૧/૧૦/૨૦૨૩ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભા સમક્ષ રજુ કરવામાં આવેલ હતી જેમાં ઠરાવ ક્રમાંકઃ૪૧થી સદર બાબતને કન્સલટન્ટોને યુનિવર્સિટીની માન્ય પેનલમાં PMC Panalતરીકે આમેજ કરવા સિન્ડિકેટની સભાને ભલામણ કરવામાં આવેલ હતી જે બાબત તા.:૦૭/૧૧/૨૦૨૩ ના રોજની સિન્ડિકેટની સભાના ઠરાવ ક્રમાંકઃ૯૨ થી પી.એમ.સી. કન્સલટન્ટની પેનલ બનાવવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપી આગળની કાર્યવાહી કરવાની સત્તા પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિને આપવામાં આવેલ હતી જે બાબત તા.: ૦૫/૧૨/૨૦૨૩ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિના ઠરાવ ક્રમાંકઃ૩૫ થી PMC Panalને આમેજ કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ તા.:૨૧/૧૨/૨૦૨૩ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૬ અનુસાર Project Managemnet Consultancyની પેનલમાંથી Phoonyx Consulting Engineers, Suratને માસિક રૂા. ૧,૫૦,૦૦૦/– + GST ના ધોરણ (૧)મહાત્મા ગાંધી ગ્રામ્યઅભ્યાસ ભવન, (૨) ગર્લ્સ હોસ્ટેલ વિસ્તરણ, (૩) ડાઈનીગ હોલ (૪)કન્વેન્શાન હોલ અને (૫) એ.આર.સી. અંતર્ગત થતા મેઈંટેનન્સની કામગીરી માટે એક સુપરવાઈઝર અને એક સાઈટ એન્જીનીયર સાઈટ ઉપર રહે તે રીતની સેવાઓ માટેનો ક્રમાંકઃએસ્ટેટ/૩૧૯૪૫ તા.:૨૩/૧૨/૨૦૨૩ થી વર્કઓર્ડર આપવામાં આવેલ છે.

સદર બાબતે Phoonyx Consulting Engineers, Suratને માસિકરૂા. ૧,૫૦,૦૦૦/– + GST ના ધોરણે વર્કઓર્ડર આપવામાં આવેલ હોય જેથી તેમનું વાર્ષિક બીલ પાંચ લાખથી ઉપર થવા જાય છે જેથી હાલના પ્રવર્તમાન ઓર્ડિનન્સ–૩૬ હેઠળ પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની મર્યાદા પાંચ લાખ સુધીની જ હોય જેથી Phoonyx Consulting Engineers, Suratના બીલોની ચૂકવણી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે વર્કઓર્ડર મુજબ** PMC **ને ચુકવણી કરવી.**

વધુમાં, સદર બાબતે હાલના PMC **ને આપેલ વર્કઓર્ડરને મંજૂરી આપવી તથા** PMC **અને તે સંદર્ભે રોજબરોજની કામગીરીમાં સ્ટાફની સંખ્યા અને નિયમો પ્રમાણેની ચુકવણી અને તમામ નિર્ણયો લેવાની સત્તા બાંધકામ અંગેની સમિતિ (માનનીય કુલપતિશ્રી રચિત સમિતિ) ને આપવી.**

૧૬૬. યુનિવર્સિટી અંતર્ગત ચાલતા Four Year UG Programme BBA, BCA, પ્રોગ્રામના Curriculum ને યુજીસી મુજબની ડીગ્રી લાગુ કરવા સંદર્ભે વિચારણા કરતા એકેડેમિકકાઉન્સિલની તા.૦૧/૦૩/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૩ થી નીચે મુજબ ભલામણ કરેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકેડેમિક કાઉન્સિલની તા.૦૧/૦૩/૨૦૨૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૧૦૩

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી અંતર્ગત ચાલતા Four Year UG Programme BBA, BCA જેના માટે સદર પ્રોગ્રામના Curriculum ને યુજીસી મુજબની ડીગ્રીલાગુ કરવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અનુક્રમે BS(B.A.) (Bachelor of Science in Business Administration) તથા BS (C.A.) (Bachelor of Science in Computer Application) પ્રોગ્રામ તરીકે હાલના અનુક્રમે BBA, BCA પ્રોગ્રામનાં માળખા, ફી સ્ટ્રકચર, ઈન્ટેક, અભ્યાસક્રમ, તમામ જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર, પરીક્ષાનું માળખું, અધ્યાપકોની જરૂરીયાત, તેમજ અન્યતમામ લાગુ પડતી આનુસંગિક બાબતો, ઠરાવો, નિયમોને યથાવત લાગુ પાડી જે કોલેજો સદર પ્રોગ્રામ પોતાની કોલેજમાં લાગુ કરવા ઈચ્છતી હોય તેવી તમામ કોલેજોને અરજી કર્યેથી તથા અરજી સાથે વન ટાઈમ પ્રોસેસિંગ પેટેડિવીઝન દીઠ રૂા.૫૦૦૦/– ભર્યેથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫થી પ્રવેશ કાર્યવાહી માટે મંજુરી આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, સદર બાબતે અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેશે નહી. તથા BBA/BCA નું ચાલુ જોડાણ ધરાવતી અને સદર પ્રોગ્રામ ચાલુ કરવા ઈચ્છતી સંસ્થાઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે થયેલ BBA/BCA ની LIC ની શરતોને પુર્તતાની અપેક્ષાએ મંજુરી આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અનુક્રમે BS(B.A.) (Bachelor of Sciencein Business Administration) તથા BS (C.A.) (Bachelor of Science in Computer Application) પ્રોગ્રામ માટે અનુક્રમે આ બન્ને કોર્સ ક્રમશઃ તેમની મૂળ ફેકલ્ટી અંતર્ગત રહેશે તથા પ્રવેશ લાયકાત, ધોરણો, Curriculum, Syllabus, પરીક્ષા પધ્ધતિ અને તમામ અન્ય આનુષંગિક બાબતો બીબીએ/બીસીએ મુજબની જ રહેશે.

(સેનેટ/સિન્ડિકેટ/ એકેડેમિક/ જોડાણ/ પરીક્ષા વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થીના વ્યાપક હિત અને ભવિષ્યને ધ્યાનમાં રાખી યુ.જી.સી. જયાં સુધી બી.એસ. ડીગ્રીનો સમાવેશ એની માન્ય ડીગ્રીના લીસ્ટમાં ન કરે ત્યાં સુધી આ બાબતને મુલતવી રાખવી.**

૧૬૭. વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, ધરમપુર, જિ.:વલસાડની નીચે દર્શાવેલ વિગતે અભ્યાસક્રમ **બી.આર.એસ.**નું **ચાલુ જોડાણ** મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૨) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	બી.આર.એસ.	ચાલુ જોડાણ	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

શરતો :

૧. કાયમી આચાર્યશ્રીની નિમણૂંક માટે ઝડપી કાર્યવાહી કરવી.
૨. કૃષિ પ્રયોગશાળાને વ્યવસ્થિત કરવી.
૩. ગૌશાળામાં ઓછા ઓછી પાંચ ગાયોની ખરીદી કરવી.
૪. ઔષધીય બાગ વ્યવસ્થિત રીતે બનાવવો.
૫. વિદ્યાર્થીઓ માટે વાઈફાઈની વ્યવસ્થા કરવી.
૬. યુનિવર્સિટી ઓર્ડિનન્સ ૬૯Aઅને ૬૯ Bતેમજ ૬૬Cનું ચુસ્ત પાલન કરવામાં આવે.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ના ચાલુ જોડાણ સંદર્ભમાં ઉપલબ્ધ વ્યવસ્થા અવલોકને લઈ કોલેજ દ્વારા કરેલ પ્રવેશ બેઠકોની ફાળવણી મુજબ કોલેજ દ્વારા કરેલ ફાળવણીમાં નીચે મુજબ પ્રવેશ બેઠકો સુધારા કરવા સાથે, નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે મંજુર કરવા ભલામણ કરે છે.

ક્રમ	જોડાણના મેજર વિષય	કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની કોલેજની દરખાસ્ત	કોલેજની દરખાસ્ત સામે સમિતિની સ્થળ તપાસ બાદ ફેરફાર હોય તો ભલામણ મુજબની સંખ્યા
૧	ક્ષેત્ર વિદ્યા	૭૫	–
૨	પશુપાલન		
૩	બાગાયત		
૪	કૃષિ વિસ્તરણ ગ્રામ વિકાસ અને વ્યવસ્થાપન		

એકેડેમિકકાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૨)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, ધરમપુર, જિ.:વલસાડની અભ્યાસક્રમ બી.આર.એસ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે અભ્યાસક્રમ બી.આર.એસ.નું ચાલુ જોડાણ આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટનેભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, ધરમપુર, જિ.:વલસાડની અભ્યાસક્રમ બી.આર.એસ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિકકાઉન્સિલની તા.૦૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૨) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે અભ્યાસક્રમ બી.આર.એસ. નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૧૬૮. વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દહેગામ, મનુબર રોડ, ભરૂચની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.એ.અને બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિકકાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૩) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
૧.	**બી.એ. અને બી.કોમ.** (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

શરતો :

૧. આચાર્યશ્રીની નિમણૂંક કરવી જયાં સુધી નિયમિતઆચાર્યશ્રીની નિમણૂંક ન થાય ત્યાં સુધી ઈન્ચાર્જ આચાર્યની યુનિવર્સિટી ના નિયમો અનુસાર નિયુકિત કરવામાં આવે.

૨. અંગ્રેજી વિષયના એક અને અર્થશાસ્ત્ર વિષયના એક એમ કુલ–૨નિયત લાયકત ધરાવતા પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂ કરવી.

૩. નિયત લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂંક આપવામાં આવે.

૪. તમામ શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓને રાજયસરકાર ના નિયમો અનુસાર પગાર ભથ્થાની ચૂકવણી કરવામાં આવે.

૫. NEP 2020 અનુસાર કાર્યભાર પ્રમાણે સમયપત્રક તૈયાર કરી તેનો અમલ કરવો.

૬. NEP 2020 ના અભ્યાસક્રમ અનુસાર પુસ્તકોની ખરીદી કરવી.

૭. શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાપોથી તૈયાર કરી અપડેટ કરવું.

૮. તમામ કર્મચારીઓનેSL નો લાભ આપવો.

૯. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ ૨૦૨૩ તથા VNSGU ના વખતના નિયમોનું પાલન કરવું.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ ના ચાલુ જોડાણ સંદર્ભમાં ઉપલબ્ધ વ્યવસ્થા અવલોકને લઈ કોલેજ દ્વારા કરેલ પ્રવેશ બેઠકોની ફાળવણી મુજબ કોલેજ દ્વારા કરેલ ફાળવણીમાં નીચે મુજબ પ્રવેશ બેઠકો સુધારા કરવા સાથે,નીચે મુજબની શરતોનું પરિપાલન કરવાની શરતે મંજુર કરવા ભલામણ કરે છે.

ક્રમ	જોડાણના મેજર વિષય	કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની કોલેજની દરખાસ્ત	કોલેજની દરખાસ્ત સામે સમિતિની સ્થળ તપાસ બાદ ફેરફાર હોય તો ભલામણ મુજબની સંખ્યા
૧	**અંગ્રેજી (મેજર)**	**૧૨૫**	**૧૨૫**
૨	**ગુજરાતી (મેજર)**	**૧૨૫**	**૧૨૫**
૩	**એડવાન્સ એકાઉન્ટન્સી (મેજર)**	**૧૨૫**	**૧૨૫**

એકેડેમિકકાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૩)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દહેગામ, મનુબર રોડ, ભરૂચની સ્વનિર્ભરઅભ્યાસક્રમબી.એ.અને બી.કોમ.નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમબી.એ.અને બી.કોમ.નું ચાલુ જોડાણ આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** વી.સી.ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દહેગામ, મનુબર રોડ, ભરૂચની સ્વનિર્ભરઅભ્યાસક્રમ**બી.એ.અને બી.કોમ.**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં **એકેડેમિકકાઉન્સિલની તા.૦૧–૦૩– ૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૩) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતેશૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમબી.એ.અને બી.કોમ.નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૧૬૯. દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ**બી.એસસી.(કેમેસ્ટ્રી)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિકકાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૪) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એસસી.(કેમેસ્ટ્રી)** (સ્વનિર્ભરઅભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

<u>શરતો :</u>

૧.પૂર્ણકાલીન આચાર્યની નિમણૂંક કરવી.
૨. હાલમાં છઠ્ઠું પગારપંચ લાગું પડેલ છે તેનું D.A. 112% આપવામાં આવેલ છે સરકારના પ્રવર્તમાન નિયમમુજબ D.A. આપવું અને તેની યુનિવર્સિટીને જાણ કરવી.
૩. સાતમું પગારપંચ લાગુ કરવું.
૪. કોલેજમાં નોન ટીચિંગ સ્ટાફમાં હાલ કાર્યરત સિનિયર કલાર્ક છે એકાઉન્ટ તરીકે જવાબદારી નિભાવે છે તેમને એકાઉન્ટન્ટ તરીકે કાયમી નિમણૂંક આપી તે મુજબનો સ્કેલ આપવો.
૫. ફાયર સેફટી સર્ટીફીકેટ તાત્કાલિક મેળવવાનું અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.
૬. યુનિવર્સિટી અને રાજય સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા નિયમોનું અને પરિપત્રોનું પાલન કરવાનુ રહે છે.
૭. લાયબ્રેરીમાં અભ્યાસક્રમની માંગ અનુસાર પુસ્તકોની ખરીદી કરવી.
૮. લેબોરેટરી માટે જરૂરી રસાયણોની ખરીદી કરવી.
૯. નિવૃત થતા અધ્યાપકોની નિયમ અનુસાર મળવાપાત્ર તમામ લાભો(રજા પગાર સહિત) આપવા.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બી.એસસી.(કેમેસ્ટ્રી) પોગ્રામને ચાલુ જોડાણની મંજૂરી આપવા માટે સર્વાનુંમતે ભલામણ કરવામાં આવે છે તથા હાલ ચાલુ જોડાણ મુજબ ૧ ડીવીઝન માટે ૯૦ ઈન્ટેકની મંજૂરી માટે ભલામણ છે.

વર્ષ : ૨૦૨૪–૨૫

ક્રમ	જોડાણના મેજર વિષય	કોલેજની કુલ્લે પ્રવેશની દરખાસ્ત	કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની બેઠકો
૧	B.Sc. Chemistry	85	23

<u>એકેડેમિકકાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૪)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડ સ્વનિર્ભરઅભ્યાસક્રમ **બી.એસસી.(કેમેસ્ટ્રી)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં **સ્થાનિકતપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમએસસી.(કેમેસ્ટ્રી)નું ચાલુ જોડાણ આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.એસસી.(કેમેસ્ટ્રી)નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૦૧–૦૩– ૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૪) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪ –૨૫ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમએસસી. (કેમેસ્ટ્રી)નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૧૭૦. દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની નીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ**બી.એસસી.(માઈક્રોબાયોલોજી)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિકકાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૫) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એસસી. (માઈક્રોબાયોલોજી)** (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

શરતો :

૧.પૂર્ણકાલીન આચાર્યની નિમણૂંક કરવી.

૨. સાતમું પગાર પંચ લાગુ કરવું.

૩. હાલમાં છઠ્ઠું પગાર પંચ લાગું પડેલ છે તેનું D.A. 112% આપવામાં આવેલ છે સરકારના પ્રવર્તમાન નિયમ મુજબ D.A. આપવું અને તેની યુનિવર્સિટીને જાણ કરવી.

૪. ફાયર સેફટી સર્ટીફીકેટ તાત્કાલિક મેળવવાનું અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.

૫. યુનિવર્સિટી અને રાજય સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા નિયમોનું અને પરિપત્રોનું પાલન કરવાનુ રહે છે.

૬. લાયબ્રેરીમાં અભ્યાસક્રમની માંગ અનુસાર પુસ્તકોની ખરીદી કરવી.

૭. લેબોરેટરી માટે જરૂરી રસાયણોની ખરીદી કરવી.

૮. નિવૃત થતા અધ્યાપકોની નિયમ અનુસાર મળવાપાત્ર તમામ લાભો(રજા પગાર સહિત) આપવા.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બી.એસસી.(માઈક્રોબાયોલોજી) પોગ્રામને ચાલુ જોડાણની મંજૂરી આપવા માટે સર્વાનુંમતે ભલામણ કરવામાં આવે છે તથા હાલ ચાલુ જોડાણ મુજબ ૧ ડીવીઝન માટે ૯૦ ઈન્ટેકની મંજૂરી માટે ભલામણ છે.

ક્રમ	જોડાણના મેજર વિષય	કોલેજની કુલ્લે પ્રવેશની દરખાસ્ત	કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની બેઠકો
૧	**B.Sc. Microbiology**	**170**	**72**

એકેડેમિકકાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૫)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.એસસી. (માઈક્રોબાયોલોજી)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં**સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.એસસી.(માઈક્રોબાયોલોજી)**નું ચાલુ **જોડાણ આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડનીસ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.એસસી. (માઈક્રોબાયોલોજી)નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિકકાઉન્સિલની તા.૦૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૭૨) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતેશૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(માઈક્રોબાયોલોજી)નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૧૭૧. દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડનીનીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ **બી.સી.એ.**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિકકાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૬) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.સી.એ.**(સ્વનિર્ભર અભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

<u>શરતો :</u>

૧.પૂર્ણકાલીન આચાર્યની નિમણૂંક કરવી.
૨. સરકારી અને યુનિવર્સિટીના નિયમો અનુસાર ડીએ આપવું અને તાત્કાલિક યુનિવર્સિટીને જાણ કરવી.
૩. કોલેજમાં નોન ટીચિંગ સ્ટાફમાં હાલ કાર્યરત સિનિયર કલાર્ક છે એકાઉન્ટ તરીકે જવાબદારી નિભાવે છે તેમને એકાઉન્ટન્ટ તરીકે કાયમી નિમણૂંક આપી તે મુજબનો સ્કેલ આપવો.
૪. કોમ્પ્યુટર લેબમાં એસી ની વ્યવસ્થાતાત્કાલિક કરવી.
૫. લેબ યુટીલાઈઝેશન ફી ની રકમ કોમ્પ્યુટર લેબના વિકાસ અને સુવિધા માટે કરવી.
૬. ફાયર સેફટી સર્ટીફીકેટ તાત્કાલિક મેળવવાનું અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.
૭. યુનિવર્સિટી અને રાજય સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા નિયમોનું અને પરિપત્રોનું પાલન કરવાનુ રહે છે.
૮. નિવૃત થતા અધ્યાપકોની નિયમ અનુસાર મળવાપાત્ર તમામ લાભો(રજા પગાર સહિત) આપવા.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બી.સી.એ. પોગ્રામને ચાલુ જોડાણની મંજૂરી આપવા માટે સર્વાનુંમતે ભલામણ કરવામાં આવે છે તથા હાલ ચાલુ જોડાણ મુજબ ૨+૧ ડીવીઝન માટે ૨૫૫ ઈન્ટેકની મંજૂરી માટે ભલામણ છે.

<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૬)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.સી.એ.**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં **સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.**નું ચાલુ જોડાણ **આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.સી.એ.**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં **એકેડેમિક કાઉન્સિલની તા.૦૧–૦૩– ૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૩) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.સી.એ.**નું ચાલુ જોડાણ **આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

વધુમાં ઠરાવવામાં આવે છે કે, BCA અભ્યાસક્રમ માટે UGC ના પત્રાંક : D.O.No.2-79/2023(CPP-II) Dt.8-01-2024 અનુસાર AICTE ની માન્યતા મેળવવાની રહેશે.

૧૭૨. દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડનીનીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ **બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિકકાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૭) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.એસસી. (કોમ્પ્યુટર સાયન્સ)**(સ્વનિર્ભરઅભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫(૧ વર્ષ)

<u>શરતો :</u>

૧.પૂર્ણકાલીન આચાર્યની નિમણૂંક કરવી.
૨. સરકારી અને યુનિવર્સિટીના નિયમો અનુસાર ડીએ ચૂકવીને તાત્કાલિક યુનિવર્સિટીને જાણ કરવી.
૩. કોલેજમાં નોન ટીચિંગ સ્ટાફમાં હાલ કાર્યરત સિનિયર કલાર્ક છે એકાઉન્ટ તરીકે જવાબદારી નિભાવે છે તેમને એકાઉન્ટન્ટ તરીકે નિમણૂંક આપી તે મુજબનો સ્કેલ આપવો.
૪. કોમ્પ્યુટર લેબમાં એસી ની વ્યવસ્થાતાત્કાલિક કરવી.
૫. લેબ યુટીલાઈઝેશન ફી ની રકમ કોમ્પ્યુટર લેબના વિકાસ અને સુવિધા માટે કરવી.
૬. ફાયર સેફટી સર્ટીફીકેટ તાત્કાલિક મેળવવાનું અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.
૭. યુનિવર્સિટી અને રાજય સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા નિયમોનું અને પરિપત્રોનું પાલન કરવાનુ રહે છે.
૮. નિવૃત થતા અધ્યાપકોની નિયમ અનુસાર મળવાપાત્ર તમામ લાભો(રજા પગાર સહિત) આપવા.

ભલામણ :

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ) પોગ્રામને ચાલુ જોડાણની મંજૂરી આપવા માટે સર્વાનુંમતે ભલામણ કરવામાં આવે છે તથા હાલ ચાલુ જોડાણ મુજબ ૧ ડીવીઝન માટે ૯૦ ઈન્ટેકની મંજૂરી માટે ભલામણ છે.

ક્રમ	જોડાણના મેજર વિષય	કોલેજની કુલ્લે પ્રવેશની દરખાસ્ત	કુલ્લે પ્રવેશ સંખ્યા સામે પ્રવેશ ફાળવણીની બેઠકો
૧	B.Sc. Computer Science	85	50

<u>એકેડેમિકકાઉન્સિલની તા.૧–૦૩–૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૭)</u>

:: **આથી ઠરાવવામાં આવે છે કે,** દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ)**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં **સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારી શરતોનું પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ)**નું ચાલુ **જોડાણ આપવા બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરવામાં આવે છે.**

(જોડાણ વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડની સ્વનિર્ભરઅભ્યાસક્રમ બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ)નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા.૦૧–૦૩– ૨૦૨૪ની ભલામણ ક્રમાંક :(૧૭) નો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કોમ્પ્યુટર સાયન્સ)નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારશ્રીને ભલામણ કરવામાં આવે છે.**

૧૭૩. દોલત–ઉષા ઈન્સ્ટિટયુટ ઓફ એપ્લાઈડ સાયન્સીસ એન્ડ ધીરૂ–સરલા ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમર્સ, વલસાડનીનીચે દર્શાવેલ વિગતે સ્વનિર્ભરઅભ્યાસક્રમ **બી.બી.એ.**નું ચાલુ જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં માનનીય કુલપતિશ્રીએ નિયુકત સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ તપાસ બાદનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને જમા કરાવેલ હોય જે અહેવાલ ઉપર વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧–૦૩–૨૦૨૪ની સભાએ તેના ઠરાવ ક્રમાંકઃ (૧૮) થી મંજૂર કરી બોર્ડ ઓફ મેનેજમેન્ટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

ક્રમ	વિષય / અભ્યાસક્રમ	જોડાણનો પ્રકાર	સમયગાળો
1.	**બી.બી.એ.** (સ્વનિર્ભર અભ્યાસક્રમ)	**ચાલુ જોડાણ**	તા.૧૫–૬–૨૦૨૪ થી તા.૧૪–૬–૨૦૨૫ (૧ વર્ષ)

<u>શરતો :</u>

૧.પૂર્ણકાલીન આચાર્યની નિમણૂંક કરવી.
૨. હાલમાં છઠ્ઠું પગારપંચ લાગું પડેલ છે તેનું D.A. 112% આપવામાં આવેલ સરકારના પ્રવર્તમાન નિયમ મુજબ D.A. આપવું અને તેની યુનિવર્સિટીને જાણ કરવી.
૩. સાતમું પગારપંચ લાગુ કરવું.
૪. કોલેજમાં નોન ટીચિંગ સ્ટાફમાં હાલ કાર્યરત સિનિયર કલાર્ક છે એકાઉન્ટ તરીકે જવાબદારી નિભાવે છે તેમને એકાઉન્ટન્ટ તરીકે કાયમી નિમણૂંક આપી તે મુજબનો સ્કેલ આપવો.
૫. ફાયર સેફટી સર્ટીફીકેટ તાત્કાલિક મેળવવાનું અને તેની જાણ યુનિવર્સિટીને કરવી.
